પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૧૦ ● કુલ પાના : ૪ ● તારીખ : ૩૦-૧૨-૨૦૨૨ શુક્રવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

હવે બીજાં રાજ્ય-શહેરમાંથી પણ મતદાન શક્ય

૯ રાજ્યોની ચૂંટણી પહેલાં સરકારનો મહત્વનો નિર્ણય, ચૂંટણીપંચની રિમોટ વોટિંગ સિસ્ટમ તૈયાર

ચૂંટણીપંચે સ્થાનિક પ્રવાસી મતદારો માટે રિમોટ વોટિંગ સિસ્ટમ વિકસાવી છે. આ બાબતે ચૂંટણીપંચે ગુરુવારે જાહેરાત કરી હતી. રિમોટ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન એટલે કે ઈફસ્ની મદદથી હવે ઘરથી દૂર, અન્ય શહેર અને રાજ્યમાં રહેતા મતદાર વિધાનસભા/લોકસભા ચૂંટણીમાં મતદાન કરી શકશે, એટલે કે તેણે વોટિંગ માટે પોતાના ઘરે જવાની જરૂર નહીં પડે. આયોગ ૧૬મી જાન્યુઆરીએ તમામ રાજકીય પક્ષોને આ ઈફસ્નું લાઈન ડેમોન્સ્ટ્રેશન આપશે.



અન્ય રાજ્યોમાં કામ કરતા લોકો, પરપ્રાંતીય મજૂરો ઈવીએમનો ઉપયોગ કરી શકશે. આનો અર્થ એ નથી કે તેઓ ઘરે બેસીને મતદાન કરી શકશે. ચૂંટણીપંચની સુવિધાનો લાભ લેવા માટે, મતદાનના દિવસે રિમોટ વોટિંગ સ્થળ પર પહોંચવું પડશે. એક અંદાજ મુજબ, દેશમાં ૪૫ કરોડો લોકો એવા છે, જેઓ પોતાનું ઘર અને શહેર છોડીને અન્ય રાજ્યોમાં વસવાટ કરી રહ્યા છે. તેનો કેન્દ્રીય ડેટા ઉપલબ્ધ નથી.

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જણાવ્યું હતું કે યુવાનો અને શહેરી મતદારોની ઉદાસીનતાને ધ્યાનમાં લેતાં વિચાર કરવામાં આવ્યો છે. ચૂંટણીમાં લોકશાહીમાં તેમની ભાગીદારીને મજબૂત કરવા માટે રિમોટ વોટિંગ એક ક્રાંતિકારી પરિવર્તન હશે. જાહેર ક્ષેત્રની મદદથી બનાવવામાં આવેલ મલ્ટી કોન્સ્ટિટ્યુએન્સી રિમોટ ઈવીએમ એક જ રિમોટ પોલિંગ બૂથથી ૭૨ મતવિસ્તારને હેન્ડલ કરી શકે છે.

શું ચૂંટણીપંચ એનો તાત્કાલિક અમલ કરશે? : ના, એના અમલ પહેલાં કાયદાકીય, વહીવટી અને ટેક્નિકલ પડકારો પર રાજકીય પક્ષોનાં મંતવ્યો પણ માગવામાં આવ્યાં છે. એક નિવેદન અનુસાર, મતદાન પેનલે રિમોટ વોટિંગ પર માત્ર કન્સેપ્ટ નોટ જાહેર કરી છે.

કમિશને કહ્યું હતું કે "૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં ૬૭.૪% મતદાન થયું હતું. ચૂંટણીપંચ ૩૦ કરોડથી વધુ મતદારોએ મતાધિકારનો ઉપયોગ નહીં કરવા બાબતે ચિંતિત છે. નવા સ્થળે જતા મતદારો વિવિધ કારણોસર મતદાન માટે રજિસ્ટ્રેશન કરાવી શકતા નથી અને ચૂંટણીમાં મતદાન કરવાનું ચૂકી જાય છે. સ્થાનિક પ્રવાસીઓ પણ મતદાન કરી શકતા નથી એ ચિંતાજનક હતું. તેથી જ રિમોટ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (RVM)ની યોજના બનાવવામાં આવી હતી. પંચે તમામ રાજકીય પક્ષોને ૧૬ જાન્યુઆરીએ બોલાવ્યા છે. તે આ રાજકીય પક્ષોને ઈફસ સિસ્ટમ બતાવાશે. આ પછી તેમનાં સૂચનો લેવાશે. આ પછી એ અમલીકરણની પ્રક્રિયા પર આગળ વધશે. ૨૦૨૩માં જમ્મુ અને કાશ્મીર ઉપરાંત દેશનાં ૯ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે.

જમ્મુ-કાશ્મીર ઉપરાંત દેશનાં નવ રાજ્યમાં ૨૦૨૩માં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આવી સ્થિતિમાં ઈવીએમને આ દિશામાં એક મોટું પગલું માનવામાં આવી રહ્યું છે. જે રાજ્યોમાં ચૂંટણી આવવાની છે, એમાં ત્રિપુરા, મેઘાલય, નાગાલેન્ડ, કર્ણાટક, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, મિઝોરમ, તેલંગાણા અને રાજસ્થાનનો સમાવેશ થાય છે.જો આ વોટિંગ સિસ્ટમને લીલી ઝંડી મળી જશે તો સ્થળાંતર કરનારા લોકો એટલે કે અન્ય શહેરો કે રાજ્યોમાં ઘરથી દૂર રહેતા લોકો માટે મતદાનનું ટેન્શન સમાપ્ત થઈ જશે. તેઓ તેમના રહેઠાણના સ્થળ માટે ત્યાં ન રહેતા નેતાઓને ચૂંટવામાં ભાગ લઈ શકશે. એક સામાન્ય ભાષામાં સમજીએ કે ધારો કે તમે સુરતમાં રહો છો અને તમારો મત આપવાનો અધિકાર ઉત્તર પ્રદેશમાં છે તો હવે તમારે મત આપવા માટે ઉત્તર પ્રદેશ જવાની જરૂર નથી, સુરતમાં બેઠા બેઠા મત આપી શકશો.ઘણી વખત લોકો અભ્યાસ અને નોકરી માટે બીજા શહેરોમાં જાય છે અને પછી ચૂંટણી દરમિયાન ત્યાંથી તેમના ઘર સુધી પહોંચવું તેમના માટે મુશ્કેલ બની જાય છે. આવી સ્થિતિમાં મોટી સંખ્યામાં મતદારો તેમના મતાધિકારથી વંચિત રહી જતા હોય છે.

જો કે, ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરાયેલ RVM મશીનથી કોઈપણ વ્યક્તિ દૂરના સ્થળેથી મતદાન કરી શકશે. આ મશીન એક રિમોટ પોલિંગ બૂથથી ૭૨ અલગ-અલગ બૂથ પર મતદાન કરાવી શકે છે.૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં, મોટી સંખ્યામાં લોકો સ્થળાંતરને કારણે મતદાન કરી શક્યા ન હતા. ચૂંટણી પંચના કહેવા મુજબ, ૨૦૧૯માં ૬૭.૪ ટકા લોકોએ મતદાન કર્યું હતું. આ દરમિયાન ૩૦ કરોડથી વધુ મતદારોએ મતદાન કર્યું ન હતું. આ સમસ્યાને દૂર કરવા માટે ચૂંટણી પંચે ઈફસ તૈયાર કર્યું છે.ચૂંટણી પંચ એવું ઈચ્છે છે કે મતદાનમાં સુધારો થાય અને ચૂંટણીમાં વધુમાં વધુ લોકોની ભાગીદારી સુનિશ્ચિત કરી શકાય. તેમજ દૂર-દૂરના વિસ્તારોમાં રહેતા લોકોને કોઈપણ મુશ્કેલી વિના મતદાન કરવાની તક મળે.

સીમા વિવાદ ઉકેલવાના પ્રયાસો નબળી માનસિકતા સાથે શરૂ થયા : શિંદે

નાગપુર,

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ વિધાન પરિષદમાં એવું નિવેદન કર્યું હતું કે રાજ્ય સરકારના કર્ણાટક સાથેના સીમા વિવાદને ઉકેલવાના પ્રયાસો નબળી માનસિકતા સાથે શરૂ થયા હતા અને પહેલા મુખ્ય પ્રધાન યશવંતરાવ ચવ્હાણે પાડોશી રાજ્યના મરાઠીભાષી વિસ્તારોનો સમાવેશ કરવા માટેના પ્રસ્તાવમાં સમયમર્યાદા સ્પષ્ટ કરી નહોતી.શિંદેનું નિવેદન ભાજપના વલણ સાથે મેળ ખાતું જણાય છે. ભાજપ હંમેશા છ દાયકાથી સીમાવિવાદ ન ઉકેલવા માટે અગાઉની સરકારોને દોષી માને છે.

મુખ્ય પ્રધાન શિંદેએ કહ્યું હતું કે મહારાષ્ટ્ર વિધાનસભામાં પહેલો ઠરાવ ત્યારના મુખ્ય પ્રધાન દ્વારા માંડવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવમાં બેલગામ, કારવાર અને અન્ય ગામોને મહારાષ્ટ્રમાં સમાવિષ્ટ કરવાની વાત કરવામાં આવી હતી. ચવ્હાણે પોતાના ઠરાવમાં આ વિવાદને ઉકેલવા માટેની સમયમર્યાદા સ્પષ્ટ કરી નહોતી. આમ મહારાષ્ટ્રનો સીમાવિવાદ ઉકેલવાનો સંઘર્ષ નબળી માનસિકતા સાથે શરૂ થયો હતો.ચવ્હાણે પોતાના ઠરાવમાં જણાવ્યું હતું કે તેમને ન્યાય અને વાર્તાલાપના માધ્યમથી સમસ્યાનો ઉકેલ જોઈએ છે, પરંતુ સાથે તેમણે એમ પણ લખ્યું હતું કે આ સમસ્યાને ઉકેલવા માટે સમય લાગશે.

દરમિયાન મહારાષ્ટ્ર વિધાનસભામાં મુખ્ય પ્રધાન અને કેબિનેટને ભ્રષ્ટાચાર વિરોધી સંસ્થા 'લોકપાલ'ના દાયરામાં લાવનાર લોકાયુક્ત ખરડો ૨૦૨૨ને બુધવારે કેબિનેટમાં પસાર કરવામાં આવ્યું હતું. ટીચર્સ એન્ટરન્સ ટેસ્ટમાં કથિત કૌભાંડને લઈ વિપક્ષે વોક-આઉટ કર્યું હતું, ત્યાર બાદ આ ખરડાને કોઈ પણ જાતની ચર્ચા-વિચારણા કર્યા વિના બુધવારે પસાર કરવામાં આવ્યું હતું. ગૃહમાં આ ખરડાને સોમવારે રજૂ કરવામાં આવ્યું હતું. નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ ખરડાને ઐતિહાસિક ગણાવતાં કહ્યું હતું કે મહારાષ્ટ્ર આ બિલ લાવનાર દેશનું સૌથી પહેલું રાજ્ય હશે. આ બિલ અનુસાર મુખ્ય પ્રધાનની સામે કોઈ પણ પ્રકારની તપાસ શરૂ કર્યા પૂર્વે વિધાનસભાની મંજૂરી લેવાની રહેશે અને એના પ્રસ્તાવને ગૃહની સામે રજૂ કરવાનો રહેશે. આ પ્રકારના પ્રસ્તાવને મંજૂર કરાવવા માટે વિધાનસભામાં કુલ સભ્યની ઓછામાં ઓછી બે-તૃતીયાંશ સભ્યની સહમતી લેવાની રહેશે.

કોંગ્રેસ ૧૩૭ વર્ષની થઈ

૪૫ ટકાથી માત્ર ૧૯.૫ ટકા વોટ શેયર રહી ગઈ, સોનિયા ગાંધી, રાહુલના નેતૃત્વમાં સૌથી ખરાબ દિવસો

નવીદિલ્હી,

કોંગ્રેસે ૧૩૮મો સ્થાપના દિવસ માનાવ્યો છે.દેશની સૌથી જુની રાજનીતિક પાર્ટી કોંગ્રેસનો પાયો ૨૮ ડિસેમ્બર ૧૮૮૫ના રોજ એઓ હ્યુમે રાખ્યો હતો અને વ્યોમેશ ચંદ્ર બેનર્જી કોંગ્રેસ પાર્ટીના પહેલા અધ્યક્ષ બન્યા હતાં.આઝાદી બાદ વર્ષ ૧૯૫૨માં કોંગ્રેસ પહેલીવાર ચુંટણી રાજનીતિમાં ઉતરી,પંડિત જવાહરલાલ નહેરૂના નેતૃત્વમાં વર્ષ ૧૯૫૨ની લોકસભા ચુંટણીમાં કોંગ્રેસે ૪૦૧માંથી ૩૬૪ બેઠકો જીતી ઈતિહાસ રચી દીધો,કોંગ્રેસને પહેલી લોકસભા ચુંટણીમાં ૪૫ ટકા મત મળ્યા હતાં અને આ રીતે નહેરૂ યુગની શરૂઆત થઈ હતી.

૧૯૫૭ની લોકસભા ચુંટણીમાં પાર્ટીનું પ્રદર્શન વધુ સારૂ રહ્યું ૪૦૩ બેઠકોમાંથી ૩૭૧ બેઠકો જીતી અને વોટ શેયરમાં પણ ૨.૮ ટકાનો વધારો થયો.જે ૪૭.૮ ટકા સુધી પહોંચી ગયો એટલે કે કેલ મતના લગભગ અડધા. વર્ષ ૧૯૬૨ અને ૧૯૬૭ની સામાન્ય ચુંટણીમાં લોકસભા બેઠકોની સંખ્યા પણ વધુ પરંતુ કોંગ્રેસનું પ્રદર્શન ગત ચુંટણીઓની સરખામણીએ ખરાબ રહ્યું.

જયારે ૧૯૬૨ની સામાન્ય ચુંટણીમાં કોંગ્રેસે ૪૯૪માંથી ૩૬૧ બેઠકો જીતી અને વોટ શેયર વધી ૪૪.૭ ટકા રહી ગયો એટલે કે ૧૯૫૭ની સામાન્ય ચુંટણીની સરખામણીમાં મત શેયરમાં ૩ ટકાથી વધુ ઘટાડો આવ્યો હતો ૧૯૬૭માં થયેલ ચુંટણીમાં પાર્ટી ૫૨૦ બેઠકોમાંથી માત્ર ૨૮૩ બેઠકો જીતી શકી અને વોટ શેયર ૪૦.૮ ટકા રહ્યો આ રીતે ૧૯૭૧ની લોકસભા ચુંટણીમાં ૫૧૮ બેઠકોમાંથી કોંગ્રેસને ૩૬૨બેઠકો પર જીતી હાંસલ કરી અને વોટ શેયર ૪૩.૭ ટકા રહ્યો.

વર્ષ ૧૯૭૭ની લોકસભા ચુંટણી કોંગ્રેસ માટે ખુબ ખરાબ સાબિત થઈ કટોકટીની બરોબર બાદ થયેલ ચુંટણીમાં કોંગ્રેસને પરાજયનો સામનો કરવો પડયો હતો ૫૪૩ બેઠકોમાંથી કોંગ્રેસને માત્ર ૧૫૪ બેઠકો પર સમેટાઈ ગઈ અને પાર્ટીનો વોટ શેયર નીચે આવી ૩૪.૫ ટકા રહી ગયો પરંતુ ત્રણ વર્ષ બાદ એટલે કે ૧૯૮૦ની લોકસભા ચુંટણીમાં પાર્ટીએ ફરી વાપસી કરી અને ૫૪૩માંથી ૩૫૩ બેઠકો જીતી અને પોતાના વોટ શેયર ૪૨.૭ટકા સુધી પહોંચી ગયો.૧૯૮૪ની લોકસભા ચુંટણીમાં કોંગ્રેસની લહેર રહી ઈન્દિરા ગાંધીની હત્યાની બરોબર બાદ થયેલ ચુંટણીમાં પાર્ટીએ ૫૪૩માંથી ૪૧૫ બેઠકો જીતી અને મત શેયર ૪૮.૧ ટકા સુધી પહોંચી ગયો પરંતુ ત્યારબાદથી પાર્ટીનો ખરાબ તબકકો શરૂ થયો કોંગ્રેસ સત્તામાં તો આવી પરંતુ પોતાના વોટ શેયર યથાવત રાખી શકી નહીં ભાજપ અને બીજી ક્ષેત્રીય પાર્ટીઓના ઉદય બાદ કોંગ્રેસના વોટ શેયર સતત ઘટતો ગયો ૧૯૮૯ની લોકસભા ચુંટણીમાં કોંગ્રેસને ૧૯૭ બેઠકો જીતી અને વોટ શેયર ૩૯.૫ ટકા રહ્યો ૧૯૯૧માં ૨૪૪ બેઠકો જીતી અને વોટ શેયર ૩૬.૪ ટકા રહ્યો.

વર્ષ ૧૯૯૮માં સોનિયા ગાંધીએ કોંગ્રેસનું સુકાન સંભાળ્યું અને અધ્યક્ષની ખુરશી હાંસલ કરી આ વર્ષ સામાન્ય ચુંટણીમાં કોંગ્રેસને ૧૪૧ બેઠકો મળી પરંતુ વોટ શેયર ઘટી ૨૫.૮ ટકા પહોંચી ગયો ત્યારબાદ ૧૯૯૯ની ચુંટણીમાં ૧૧૪ બેઠકો મળી અને વોટ શેયર ૨૮.૩ ટકા રહ્યો ૨૦૪૪ની લોકસભા ચુંટણીમાં કોંગ્રેસને ૧૪૫ બેઠકો મળી અને વોટ શેયર ૨૬.૫ ટકા હતો આ રીતે ૨૦૦૯ની ચુંટણીમાં બેઠકોની સંખ્યા વધી અને ૨૦૬ બેઠકો પર જીત મળી અને વોટ શેયર ૨૮.૬ ટકા રહ્યો.

૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચુંટણી કોંગ્રેસ માટે સૌથી ખરાબ સાબિત થઈ આ દરમિયાન રાહુલ ગાંધી પણ કેટલોક સમય કોંગ્રેસના અધ્યક્ષ બન્યા વર્ષ ૨૦૧૪ની લોકસભા ચુંટણીમાં નરેન્દ્ર મોદી લહેરમાં કોંગ્રેસ માત્ર ૪૪ બેઠકો જીતી શકી અને વોટ શેયર ઘટી ૧૯.૫ ટકા આવી ગયો ૨૦૦૯ની સરખામણીમાં ૨૦૧૪માં વોટ શેયરમાં ૯ ટકાથી વધુ ઘટયો હતો ૨૦૧૯ની લોકસભા ચુંટણીમાં પણ આ સિલસિલો યથાવત રહ્યો પાર્ટીએ ૫૨ બેઠકો પર જીત હાંસલ કરી પરંતુ વોટ શેયર ૧૯.૫ ટકા જ રહ્યો.

કબૂતરબાજી કૌભાંડમાં ૫ નકલી પાસપોર્ટ પકડાયા, મુખ્ય સૂત્રધાર બોબી પટેલ સહિત ૧૮ સામે વધુ એક ફરિયાદ

અમદાવાદ,

ગેરકાયદે રીતે અમેરિકા મોકલવાના કબૂરબાજીના કૌભાંડના મુખ્ય સૂત્રધાર ભરત ઉર્ફે બોબી રામભાઈ પટેલની ચાંદલોડિયા ખાતેની ઓફિસમાંથી મળી આવેલા ૭૯ પાસપોર્ટમાંથી ૫ પાસપોર્ટ નકલી હોવાનું પુરવાર થયું છે. જેના આધારે બોબી સહિત અમદાવાદના ૪, ગાંધીનગરના ૪, મુંબઈના ૩, દિલ્હીના ૫ અને અમેરિકાના ૧ વ્યક્તિ મળીને ૧૮ જણાં સામે વધુ એક ગુનો સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો છે. બોબી અને તેના સાગરીતો વિરુદ્ધ ક્રાઈમ બ્રાંચમાં નોંધાયેલા ગુનાની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલને સોંપવામાં આવી હતી. જેમાં પોલીસે તેની ઓફિસમાંથી પાસપોર્ટ, વિઝા તેમજ તે માટે જરુરી ડોકયુમેન્ટસ કબજે કર્યા હતા. જેથી બોબી સહિતના આરોપીઓ સામે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનમાં કબૂતરબાજીનો બીજો ગુનો નોંધવામાં આવ્યો છે. તો આ તરફ રાજ્યમાં પાંચ હજારથી વધારે બોગસ પાનકાર્ડ ઝડપાયા. એક જ નામે કે પછી ભળતા નામે સંખ્યાબંધ પાનકાર્ડ કઢાવીને ટેક્સની મોટાપાયે ચોરી કરાતી હોવાનું કૌભાંડ ઉજાગર થયું છે. આવકવેરા વિભાગે માર્ચ ૨૦૨૩ સુધીમાં આધારકાર્ડ સાથે પાનકાર્ડ નંબર લિંક કરવાનું ફરજિયાત કર્યું છે. આધારકાર્ડ અને પાનકાર્ડના નંબરો લિંક થતા સમગ્ર ગેરરીતિનો ખુલાસો થયો છે. અમદાવાદના આંબાવાડી અને વેજલપુર સ્થિત પ્રત્યક્ષ કર ભવનમાં રોજ અનેક અરજીઓ પાનકાર્ડ કેન્સલ કરાવવા માટે આવી રહી છે. પાંચ લાખ સુધીની આવક પર આમ તો કોઈ ટેક્સ નથી. પરંતુ જે લોકોની આવક ૧૦ લાખથી વધુની છે. તેઓ જુદા-જુદા પાન નંબરનો ઉપયોગ કરીને ઈકમટેક્સ નીલ બતાવીને ચોરી કરે છે.

હાર્દિક શ્રદ્ધાંજલિ

સ્વ. કાંન્તાબેન કિશોરચંદ્ર જાની
સ્વ.26/12/2022

મનુષ્ય જન્મથી નહીં પણ કર્મથી ઓળખાય છે,એટલે જ તો મરણ કરતાં સંસ્મરણ વધુ યાદગાર બને છે.જેમાં આપની સ્મૃતિ એક વરદાન છે.તમે ગયા પણ તમારી યાદ હજુ જીવંત છે.પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

રમેશભાઈ તલાટી
ઈન્દ્રવદનભાઈ પરીખ
સુમેશભાઈ શાહ
મનોજભાઈ મારવાડી
પંકજભાઈ યાદવ
યુનુસભાઈ ઘંત્યા
ખાલીદભાઈ બુક્ષા
મોહસીનભાઈ દાલ
ઈમરાનભાઈ ભાગલીયા
રમજાનીભાઈ મીઠા
અલ્તાફભાઈ ઝભા
ઈરફાકભાઈ બોકડા
ફિરદોસભાઈ ઢેસલી
કમરૂદ્દીનભાઈ શેખ (દિલુ હાજી)
કાસીમભાઈ આલમ
ઈરફાનભાઈ જરગાલ (રાજા)
અનસભાઈ દાવલા
કરણ પંચાલ
શાર્દુલ ગજ્જર
દક્ષેશભાઈ શાહ
ઈસ્માઈલભાઈ ઝભા
મહેબૂબભાઈ બિદાની
સીરાજભાઈ જરગાલ
આરીફભાઈ થાયમન
શબ્બીરભાઈ અલીઠા
હનીફભાઈ ભગત
આમીરભાઈ ભગત
સાજીદભાઈ શેખ
જુબેરભાઈ પીંજીયા
સમીરભાઈ પઠાણ
શોએબભાઈ કોલા
વસીમભાઈ મામની
શોએબભાઈ પટેલ
યામીનભાઈ બંગલી
ઈમરાનભાઈ તેતરા

ગોધરાના સમસ્ત પત્રકાર મિત્રો

કોચર-ધૂત ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં

જેલમાં ઘરનું જમવાનું અને સ્પેશિયલ બેડની સુવિધા, ICICI લોન ફ્રોડ કેસમાં ધરપકડ થઈ હતી

મુંબઈ,

આઈસીઆઈસીઆઈ બેંકના પૂર્વ એમડી અને સીઈઓ ચંદા કોચરના પતિ દીપક કોચર, મુંબઈમા આઈસીઆઈસીઆઈ મની લોન્ડરિંગ કેસમા સીબીઆઈની વિશેષ અદાલતમાં હાજર થયા પછી તેમની સાથે નીકળી રહ્યા હતા.

આઈસીઆઈસીઆઈ બેંકના પૂર્વ એમડી અને સીઈઓ ચંદા કોચરના પતિ દીપક કોચર, મુંબઈમાં આઈસીઆઈસીઆઈ મની લોન્ડરિંગ કેસમાં ઝૈંની વિશેષ અદાલતમાં હાજર થયા પછી તેમની સાથે નીકળી રહ્યા હતા આઈસીઆઈસીઆઈ બેંકના પૂર્વ સીઈઓ ચંદા કોચર, તેમના બિઝનેસમેન-પતિ દીપક કોચર અને વીડિયોકોન ગ્રુપના સ્થાપક વેણુગોપાલ ધૂતને ૧૦ જાન્યુઆરી સુધી ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. લોન ફ્રોડ કેસમાં શુક્રવારે ચંદા અને દીપક બંનેની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ સોમવારે ધૂતની ધરપકડ કરવામાં આવી હતી. આજે તેની સીબીઆઈ કસ્ટડી સમાપ્ત થઈ રહી હતી.

ત્રણેય આરોપીઓ હાલ સીબીઆઈની કસ્ટડીમાં છે.૨૩ ડિસેમ્બરે ચંદા અને દીપક કોચરની લોન ફ્રોડ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.,૨૪ ડિસેમ્બરે સ્પેશિયલ કોર્ટે બંનેને ૨૬મી સુધી સીબીઆઈ કસ્ટડીમાં મોકલી દીધા હતા.,૨૬ ડિસેમ્બરે ઝૈંએ વીડિયોકોનના સ્થાપક વેણુગોપાલ ધૂતની ધરપકડ કરી હતી.સ ત્રણેય આરોપીઓને સ્પેશિયલ કોર્ટે ૨૮ ડિસેમ્બર સુધી સીબીઆઈ કસ્ટડીમાં મોકલી દીધા છે. ૨૮ ડિસેમ્બરે ત્રણેય આરોપીઓની સીબીઆઈ કસ્ટડી એક દિવસ માટે લંબાવવામાં આવી હતી. ૨૯ ડિસેમ્બરે આરોપીઓને ૧૦ જાન્યુઆરી સુધી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલ્યા છે. કસ્ટડીમાં ઘરનું ભોજન અને સ્પેશિયલ બેડની સુવિધા

રિપોર્ટ્સ અનુસાર, સીબીઆઈ કસ્ટડીમાં ચંદા, દીપક અને વેણુગોપાલને સ્પેશિયલ બેડ અને ગાદલા આપવામાં આવ્યા હતા. કોચરે કહ્યું હતું કે તેને શિયાળામાં પણ જમીન પર સુવા માટે મજબુર કરવામાં આવી રહી હતી. કોર્ટે આરોપીઓને પોતાના ખર્ચે ઘરનું ખાવાનું અને દવાઓ તેમજ અન્ય વસ્તુઓનો ઉપયોગ કરવાની જવાની મંજૂરી આપી હતી. મેડિકલ કંડીશનને ટાંકીને, ધૂતે ખુરશી, ખાસ બેડ, ગાદલું, ગાદલા, ટુવાલ, ધાબળા અને ચાદરનો ઉપયોગ કરવાની મંજુરી માંગી હતી. કોર્ટ જરૂર પડવા પર ધૂતને ઈન્સ્યુલિન લેવામાં મદદ કરવા માટે એક અટેન્ડન્ટ રાખવાની પણ મંજૂરી આપી હતી. આરોપ છે કે જ્યારે ચંદા કોચરે દેશની સૌથી મોટી ખાનગી બેંકોમાંથી એક આઈસીઆઈસીઆઈ બેંકનો ચાર્જ સંભાળ્યો ત્યારે નિયમોની અવગણના કરીને વીડિયોકોનની વિવિધ કંપનીઓને કેટલીક લોન મંજુર કરવામાં આવી હતી. ૨૦૧૨માં વીડિયોકોન જૂથની કંપનીઓના છ ખાતાઓની હાલની બાકીને ડોમેસ્ટીક ડેટ રિફાઈનાન્સિંગ હેઠળ મંજૂર કરાયેલ રૂ. ૧,૭૩૦ કરોડની લોન સામે એડજસ્ટ કરવામાં આવી હતી.

જ્યારે, સીબીઆઈએ પણ જણાવ્યું હતું કે ૨૦૧૨માં આપવામાં આવેલી ૩૨૫૦ કરોડની લોનમાંથી ૨૮૧૦ કરોડ રૂપિયા (લગભગ ૮૬%) ચૂકવવામાં આવ્યા નથી. વીડિયોકોન અને તેની ગ્રુપ કંપનીઓના ખાતા જૂન ૨૦૧૭માં એનપીએ જાહેર કરવામાં આવ્યા હતા એનપીએ જાહેર થવાથી બેંકને નુકસાન થયું હતું. આ કેસની તપાસ ૨૦૧૬માં શરૂ થઈ હતી જ્યારે વીડિયોકોન ગ્રૂપ અને આઈસીઆઈસીઆઈ બેંક બંને કંપનીઓમાં રોકાણકાર અરવિંદ ગુપ્તાએ લોન અનિયમિતતા અંગે ચિંતા વ્યક્ત કરી. ગુપ્તાએ આ અંગે RBI અને વડાપ્રધાનને પણ પત્ર લખ્યો હતો, પરંતુ તેમની ફરિયાદ પર તે સમયે કોઈ ધ્યાન આપવામાં આવ્યું ન હતું. માર્ચ ૨૦૧૮માં એક અન્ય વ્હિસલ-બ્લોઅરે ફરિયાદ કરી હતી.

ટોચના મેનેજમેન્ટ સામે કરવામાં આવેલી ફરિયાદ બાદ ઘણી એજન્સીઓનું ધ્યાન આ તરફ ગયું હતું. જો કે, તે જ મહિનામાં બેંકે એક નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે તેમને ચંદા કોચર પર પૂરો વિશ્વાસ છે. વીડિયોકોન ગ્રુપને લોન આપવામાં ચંદાની કથિત ભૂમિકાની તપાસ બાદ આ નિવેદન આપવામાં આવ્યું હતું. એજન્સીઓએ તેમની તપાસ ચાલુ રાખી અને બેંક પર દબાણ વધતા તેણે પણ તપાસ શરૂ કરી. આ પછી સીબીઆઈએ ૨૪ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ એફઆઈઆર નોંધી હતી. વીડિયોકોન ગ્રુપના ચંદા કોચર, દીપક કોચર અને વેણુગોપાલ ધૂત તેમજ ન્યુપાવર રિન્યુએબલ્સ, સુપ્રીમ એનર્જી, વીડિયોકોન ઈન્ટરનેશનલ ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ અને વીડિયોકોન ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડને આઈપીસી ગુનાહિત કાવતરું, છેતરપિંડી અને ભ્રષ્ટાચાર સંબંધિત કલમો હેઠળ નોંધાયેલી FIRમાં આરોપી બનાવવામાં આવ્યા હતા.

જાન્યુઆરી ૨૦૨૦માં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે કોચર પરિવારની રૂ.૭૮ કરોડથી વધુની સંપત્તિ જપ્ત કરી હતી. આ પછી એજન્સીએ અનેક રાઉન્ડની પૂછપરછ બાદ દીપક કોચરની પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ ની કલમો હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. ૭૧ વર્ષીય વેણુગોપાલ ધૂતનો જન્મ મુંબઈમાં થયો હતો. તેમની ઓળખ એક ભારતીય ઉદ્યોગપતિ તરીકેની છે. ફોર્બ્સ અનુસાર, ૨૦૧૫માં તેમની સંપત્તી ૧.૧૯ બિલિયન ડોરલની હતી. અને ત્યારે તેઓ ભારતના ૬૧મા અને વિશ્વના ૧૧૯૦મા સૌથી ધનિક વ્યક્તિ હતા.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

મહિસાગર પોલીસે એમડી ડ્રગ્સ સાથે ઝડપાયેલ આરોપી કોર્ટ રજુ કરી પરત ફરતી વખતે પોલીસ જાપ્તા માંથી ફરાર થયો

લુણાવાડા, મહિસાગર જીલ્લા પોલીસ દ્વારા ૬ મહિના પહેલા ૫૦૦૦ ગ્રામ ડ્રગ્સ સાથે ઝડપી પાડેલ આરોપીને કોર્ટમાં રજુ કરવા લાવતી વખતે પોલીસની બેદરકારીને લઈ જાપ્તા માંથી ફરાર થઈ જતાં પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી છે. વિસ્તૃત વિગતો મુજબ મહિસાગર જીલ્લા પોલીસ દ્વારા ૬ માસ પહેલા ૫૦૦ ગ્રામ જબ્બાર અંસારીને ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપીને જેલમાં

પોલીસ જાપ્તા માંથી આરોપી નાશી છુટતાં પોલીસ બેડામાં હડકંપ

એમ.ડી.ડ્રગ્સ કિંમત ૫૦ લાખના મુદ્દામાલ સાથે જૈનુલ આબેદીન ઉર્ફે જાનુ અબ્દુલ રાખવામાં આવછેલ હોય જેને લુણાવાડા કોર્ટમાં રજુ કરવા માટે પોલીસના જાપ્તામાં લવાઈ રહ્યો હતો. કોર્ટની પ્રક્રિયા પુરી કરી કેદી જાપ્તાના પોલીસ જવાનોની બેદરકારીને લઈ આરોપી પોલીસ જાપ્તા માંથી ફરાર થવામાં સફળ રહેતા પોલીસ બેડામાં હડકંપ મચી જવા પામ્યો છે. મહિસાગર પોલીસ દ્વારા ફરાર આરોપી કેદીને ઝડપી પાડવા માટે કાર્યવાહી હાથ ધરી છે.

મલેકપુરના ખેડુતો પાસેથી ત્રણ દિવસમાં મોડી રાત સુધી ડાંગર ખરીદવામાં આવ્યું


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

લુણાવાડા, લુણાવાડાના મલેકપુરના ખેડૂતો પાસેથી આગામી ત્રણ દિવસમાં કોઈપણ સંજોગોમાં ખેડૂતો પાસેથી ડાંગરની ખરીદી કરવાનો લક્ષયાંક પાર પાડવાના આદેશ આપવામાં આવ્યા છે. જિલ્લામાં ખરીદીના નવા સેન્ટરો ઉભા કર્યા છે. માત્ર ૩ દિવસ બાકી હોય તેની સામે ખેડૂતો લાઈનમાં છે. ત્યારે આ સ્થિતિમાં તમામ ખેડૂતો પાસેથી તા.૩૧ સુધીમાં ખરીદી કઈ રીતે કરવી તે માટે આયોજન કરી રહ્યા છે. ત્યારે બીજી બાજુ જો કોઈ ખેડૂત બાકી રહી જાય તો તેમના માટે શું આયોજન આ બાબતે હાલ કોઈ જવાબ ન આપતાં જીલ્લાના ડેપો મેનેજર દ્વારા હાથ ઉંચા કરી લેવામાં આવ્યા હતા. ખેડુતો કકડતી ઠંડીમાં રાત્રે લાઈન ઉભા રહેવા મજબુર બન્યા છે.

બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન (RESTI), લુણાવાડા દ્વારા આવનાર જાન્યુઆરી, ફેબ્રુઆરી કૌશલ્યવર્ધન તાલીમ આપવામાં આવશે

મહિસાગર, ગ્રામીણ વિકાસ મંત્રાલય અને બેંક ઓફ બરોડાના સહયોગ દ્વારા સંચાલિત બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન (RESTI), લુણાવાડા દ્વારા આવનાર બે મહિના (જાન્યુઆરી, ફેબ્રુઆરી)માં નીચે આપેલ કૌશલ્યવર્ધન તાલીમ શરૂ કરવામાં આવી રહી છે. તો મહીસાગર જીલ્લાના યુવક યુવતીઓ જે ૧૮ થી ૪૫ વર્ષમાં આવતા હોય તેઓ આ તાલીમમાં ભાગ લેવા બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન, પટેલ બ્રધર્સ કોમર્સિયલ સેન્ટર ચાર કોસીયા નાકા, મોડાસા રોડ, લુણાવાડા, મહિસાગર પર સંપર્ક કરવો. આ તાલીમ બિલકુલ નિશુલ્ક (ફ્રી) છે. ગ્રામીણ બેરોજગારોને સૌપ્રથમ પ્રાથમિકતા આપવામાં આવશે. A/C FREEZE REPAIRR-30 દિવસ,ફાસ્ટ ફૂડ સ્ટોલ ઉદ્યમી–૧૦ દિવસ, કોમ્પુટરાઈઝડ એકાઉન્ટીંગ–૩૦ દિવસ, સોફ્ટ ટોયઝ મેકિંગ અને વાંસકામ–૧૦ દિવસ, સિલાઈકામ (બહેનો માટે)–૩૦ દિવસ,સેલફોન રીપેર સર્વીસ–૩૦ દિવસ, ફોટોગ્રાફી અને વિડીઓગ્રાફી–૩૦ દિવસ, હાઉસ વાયરીંગ–૩૦ દિવસ અને વાસકામ–૧૩ દિવસ ની તાલીમ આપવામાં આવશે.

સંતરામપુરના વાંકડી પંચાયતમાં ગ્રામસભામાં વિકલાંગને માર મારતા ફરિયાદ

સંતરામપુર, સંતરામપુર તાલુકાના વાંકડી ગામે વાર્ષિક ગ્રામસભા યોજવામાં આવી હતી. ગ્રામસભામાં જાગૃત નાગરિકોએ વિકાસના કામો અને ગામના વિવિધ પ્રશ્નોને લઈને ગ્રામસભામાં રજુઆત કરવા આવેલા હતા. આ ગ્રામસભામાં ચુંટાયેલા સરપંચ સામે વિવિધ પ્રશ્નો મુકાયા હતા. તેનો જવાબ આપવાના બદલે સરપંચના પિતા અને સરપંચ જાતે સબુરભાઈ કટારા જાગૃત નાગરિક ઉપર જાનલેવા હુમલો કરીને મારમાર્યો હતો. ગ્રામસભામાં થયેલી મારામારીનો વીડિયો વાયરલ થયો હતો. વાંકડી ગ્રામસભામાં એકને માર મારતા ગ્રામસભા સ્થગિત કરી દેવામાં આવી હતી. ગામના જાગૃત નાગરિકે ગ્રામસભામાં સરપંચને વિકાસના કામોનો સવાલ પુછતા સરપંચની નિષ્કાળજી બહાર આવે તે પહેલા જ દબંગગીરી અને ગુંડાગર્દી બતાવેલી હોવાની ચર્ચા ગામમાં થઈ હતી. વાંકડી ગ્રામ પંચાયતની સભાની મારામારીની સંતરામપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી હતી.

ડીઆરડીએ ખાતે પોષણકર્મીઓની તાલીમ : ગતિશીલ ગુજરાત અંતર્ગત ૧૦૦ દિવસમાં ૮૪ હજાર આધારકાર્ડ માટેનો લક્ષ્યાંક

દાહોદ, દાહોદની જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ખાતે જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી તથા જિલ્લા પ્રોગ્રામ ઓફિસર ઈરાબેન ચૌહાણ દાહોદના માર્ગદર્શન હેઠળ પોષણકર્મીઓની તાલીમ કાર્યક્રમ ગત તા. ૨૬ ના રોજ યોજાયો હતો. જેમાં આઈસીડીએસ શાખા હસ્તકના તાલુકા કક્ષાના બ્લોક કો–ઓડીનેટર(NNM), બ્લોક કો–ઓડીનેટર ડીસ્મુ, પા પા પગલી ઈન્સ્ટ્રકટર, આધાર ઓપરેટર અને બ્લોક ન્યુટ્રીશન મેનેજરને આઈસીડીએસની યોજનાઓ, આધાર, પા પા પગલી અને પોષણ સુધા તથા પોષણ અભિયાનની આંગણવાડી કક્ષાએ આંગણવાડી કાર્યકર દ્વારા કરવામાં આવતી દરરોજની કામગીરીની એન્ટ્રી પોષણ ટ્રેકરમાં કરવામાં આવે છે તે બાબતેનું ઈન્ડીકેટર વાઈઝ રીવ્યુ તથા બ્લોક કોઓડીનેટરને પોષણ ટ્રેકર સહિતની તાલીમ આપવામાં આવી હતી.

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગર દ્વારા કરવામાં આવતા રીવ્યુમાં દાહોદ જિલ્લાની કામગીરીમાં સુધારો લાવવા માટે તમામ કર્મચારીઓને એન્ટ્રી સચોટ અને સાચી કરવા તથા રોજે રોજ ઓફિસ આવી ૧૧–૦૦ કલાકે સીડીપીઓ, મુખ્ય સેવિકાના પોષણ ટ્રેકરનું ડેશ બોર્ડની ચકાસણી કરી આંગણવાડી કાર્યકર જેની એન્ટ્રી બાકી હોય તેમને પુર્ણ કરાવવા સુચના આપવામાં આવી હતી.

પોષણ સુધા યોજના અંતર્ગત સગર્ભા, ધાત્રી માતાઓને એક ટંકનું પુરક પોષણ ભોજન આપવા અંગે નોંધાયેલ લાભાર્થી આ યોજનાનો પુરેપુરો લાભ લે તથા આંગણવાડી કાર્યકર મોબાઈલમાં પોષણ સુધા યોજનાની એન્ટ્રી સમયસર કરવા જણાવાયું હતું.

આધાર યોજના અંતર્ગત તમામ વ્યકિતઓના ગતિશીલ ગુજરાત ૧૦૦ દિવસ અંતર્ગત ૮૪,૦૦૦ હજાર આધાર કાર્ડ કાઢવા માટેનો લક્ષ્યાંક અપાયો હતો. જે સમયસર પુર્ણ કરવા માઈક્રોપ્લાન મુજબ ૧૦૦% કામગીરી કરવા જણાવવામાં આવ્યુ.

પા પા પગલી પ્રોજેક્ટ અંતર્ગત આંગણવાડી કેન્દ્રોમાં પુર્વ પ્રાથમિકનું શિક્ષણ તમામ આંગણવાડી કેન્દ્રોમાં અપાય તેની તકેદારી રાખવા તથા પા પા પગલી ઈન્સ્ટ્રકટર ફિલ્ડમાં યોગ્ય પ્રવૃત્તિ કરી બાળકોને બૌદ્ધિક વિકાસ થાય તે અંગે ધ્યાન આપવા જણાવવામાં આવ્યું.

આઈસીડીએસની તમામ યોજનાનું જિલ્લા અને ઘટક કક્ષાએથી આંગણવાડી કેન્દ્રોમાં કાર્યકરનું રોજે રોજ મોનીટરીંગ કરવા સુચના અપાઈ હતી તથા તમામ યોજનાનું ૧૦૦% કામગીરી થાય તેવુ આયોજન કરવા જણાવવામાં આવ્યું.

આંગણવાડી કાર્યકર–તેડાગરના કાર્યો અને ફરજોમાં જણાવ્યા મુજબ આંગણવાડી કેન્દ્ર નિર્ધારીત સમય મુજબ ખુલ્લુ રાખવા તથા બાળકોની આરોગ્ય અને પોષણની સેવાઓ પુરી પાડવી, બાળકોની વૃધ્ધિ–વિકાસ દેખરેખ, રેકર્ડ અદ્યતન, કુપોષિત, મધ્યમ અને અતિકુપોષિત બાળકોને ઓળખવા અને તબીબી સારવાર આપવી જેવી તમામ કામગીરી કરવામાં બેદરકારી કે નિષ્કાળજી દાખવવા બદલ આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદ સેવા સમાપ્ત કરવામાં આવશે તેવી તાકીદ કરવામાં આવી.

આંગણવાડીમાં બાળકો નિયમિત આહાર લે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. ગ્રામ્ય કક્ષાએ ગામલોકો દ્વારા આંગણવાડી મુલાકાત દરમ્યાન આરોગ્ય, પોષણ અને સ્વચ્છતા બાબતે કંઈ પણ રજુઆત હશે તો આંગણવાડી વર્કર/તેડાગર ની જવાબદારી નકકી કરી માનદસેવા સમાપ્ત કરવા તાકીદ અપાઈ હતી. આઈ.સી.ડી.એસ.ની સેવાઓથી તેમજ પોષણથી વંચિત ન રહે તે માટે સંબંધિત ગ્રામજનોએ જાગૃત રહી આપના ગામની આંગણવાડી કેન્દ્રોની તકેદારી રાખવા જણાવાયું છે.

ઝાલોદ પાલિકાની ચુંટણીમાં મોટા પ્રમાણમાં ઉમેદવારો ચુંટણી જંગમાં ઝંપલાવશે

દાહોદ, દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાં આવનાર નગર પાલિકાની ચૂંટણીમાં મોટા પ્રમાણમાં ઉમેદવારો મેદાનમાં ઉતરશે તેવા એંધાણ છે. હાલનાં ચાલુ નગરપાલિકાનાં કાઉન્સિલરો થીં નગરનાં વિવિધ વિસ્તારોના વિકાસના કામો ન થતાં નગરજનોમાં નારાજગી જોવાં મળી હતી.?

ઝાલોદ નગર પાલિકાની ચૂંટણીના ગણતરીનાં દિવસો બાકી રહ્યા છે, ત્યારે ચુંટણીમાં ઉભા રહેવા માટે અનેક વિસ્તારોમાં અનેક નવા નામોની પણ ચર્ચાઓ થતી હોય છે. ત્યારે જોવાનું રહ્યું કે, આવનારી નગર પાલિકાની ચૂંટણીમાં નગરજનો દ્વારા કેવાં ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે, તે તો આવનારો સમય બતાવશે.?

ઝાલોદ નગર પાલિકાની ચૂંટણીનાં ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે પાલિકાની ખુરશી ઉપર બેસવા માટે અનેક મોટા માથાઓ કમરકસી રહ્યા છે, ત્યારે ઝાલોદ નગર પાલિકાની ખુશી કોના ભાગે જશે તે તો જોવાનું રહ્યું.?

ઝાલોદ નગર પાલિકાની ચૂંટણીમાં અનેક ઉમેદવારો પોતાના વિસ્તારમાં જઈને પોતાને જીતવા માટે અવનવી વાતોને વિકાસના કામો કરીશું તેવા વાયદાઓ કરતા હોય છે. નગરજનો તેમના ઉપર વિશ્વાસ મુકીને ચુંટીને લાવતાં હોય ત્યારે નગરજનોમાં એક માંગણી હોય છે કે ઝાલોદ નગરનો વિકાસ થશે ખરો કે પછી ચાલુ કાઉન્સિલરો જેમ પાલિકાની તિજોરી તળીયા ઝાટક કરી એમ ફરીથી નવાં ચૂંટાઈને આવશે તે પણ પાલિકાની તિજોરી તળીયા ઝાટક કરવા માટે તો નથી આવતાં ને કે પછી નગરનાં હિતમાં વિચારશે ખરાં કે પોતાના ઘરોનો વિકાસ કરશે તે તો આવનારો સમય બતાવશે.?

ઝાલોદ નગરના વિવિધ વિસ્તારોની કાયમી ધોરણે સમસ્યાઓ દૂર થશે ખરી તેવું નગરમાં ચર્ચાઈ રહ્યું છે. ત્યારે ઝાલોદ નગર પાલિકાના વિસ્તારમાં અનેક જગ્યાએ પાણીની સમસ્યાનો ઉકેલ, વિવિધ વિસ્તારોમાં લાઈટ બંધ હોવાથી અનેક લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે અનેક વિસ્તારોમાં રોજ ગટરોની સાફ સફાઈની સમસ્યાઓ, તૂટેલાં રોડની સમસ્યાઓ, ભૂગર્ભ ગટરનું પાણી રોડ ઉપર ઉભરાવાની સમસ્યાઓ, નગર પાલિકા વિસ્તારમાં આવેલ અનેક સોસાયટીઓમાં પાકાં રસ્તાઓ નથી ત્યાં પાકાં રસ્તાઓનો અભાવ અનેક વિસ્તારોમાં ગટર લાઈન નથી. જેવી અનેક સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય છે. નગરજનોને ત્યારે અનેક સુવિધાઓથી વંચિત કેમ.?

ઝાલોદ નગર પાલિકામાં વિકાસના કામો માટે ૧૫ નાણાં પંચ દ્વારા ફાળવવામાં આવેલા કરોડ રૂપિયા નગરના વિવિધ વિસ્તારોમાં વિકાસના કામો માટે ગ્રાંટ ફાળવણી થતી હોય છે. ત્યારે આ ગ્રાંટ ક્યાં વિકાસના કામો માટે ઉપયોગમાં લેવામાં આવી છે તે તો અકબંધ છે. ત્યારે અનેક કાઉન્સિલરો દ્વારા એવું કહેતા હોય છે કે અમે નગરનો વિકાસ કર્યો પણ નગરજનોમાં દ્વારા એવું પણ ચર્ચા રહું છે કે ખાલી કાઉન્સિલરો એ તેમના ઘરોનો જ વિકાસ કરવામાં આવ્યો હોય તેવા આક્ષેપો નગરજનો દ્વારા ચાલુ કાઉન્સિલરો ઉપર લગાવામાં આવ્યા કે પછી ૧૫ માં નાણાં પંચ દ્વારા ફાળવવામાં આવેલ કરોડો રૂપિયાની ગ્રાન્ટ ક્યાં વિકાસના કામોમાં કરવામાં આવ્યા છે. તે નગરજનોમાં એક ચર્ચાનો વિષય બનવા પામ્યો હતો.

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે અગણિત ઘરોમાં ઘરસભાનો પ્રારંભ કરાવીને પારિવારિક શાંતિનો શાશ્વત ઉપાય ચીંધ્યો

: પારિવારિક એકતા દિન :

- પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે અગણિત ઘરોમાં ઘરસભાનો પ્રારંભ કરાવીને પારિવારિક શાંતિનો શાશ્વત ઉપાય ચીંધ્યો.

- પ્રમુખસ્વામી મહારાજે ૨,૫૦,૦૦૦ કરતાં વધુ ઘરોમાં જઈને પારિવારિક એકતા દઢ કરાવી.

- બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ પર્વે બી. એ. પી. એસ. દ્વારા યોજાયું, વિરાટ પારિવારિક શાંતિ અભિયાન.

: પારિવારિક શાંતિ અભિયાનઆંકડાકીય દૃષ્ટિએ :

- ૩૧ જાન્યુઆરી, ૨૦૨૨ થી ૧૫ એપ્રિલ, ૨૦૨૨ સુધી.
- ૧૭ રાજ્યોમાં યોજાયું પારિવારિક શાંતિ અભિયાન,
- ૨૪ લાખ ઘરોનો સંપર્ક કરવામાં આવ્યો.
- ૭૨ હજાર કરતાં વધુ પુરૂષ–મહિલા સ્વયંસેવકો જોડાયા.
- ૧૦ હજાર કરતાં વધુ શહેર–ગામડાઓમાં સંપર્ક
- ૭૨ લાખ માનવ કલાકોનું સમયદાન
- ૬૦ લાખ વ્યક્તિઓને પારિવારિક શાંતિની પ્રેરણા આપી.

: પારિવારિક શાંતિ અભિયાનફળશ્રુતિ :

- ૧૯ લાખ કરતાં વધુ પરિવારોએ સમૂહ ભોજનનો સંકલ્પ કર્યો.
- ૧૦ લાખ કરતાં વધુ પરિવારોએ સમૂહ આરતી–પ્રાર્થના કરવાનો સંકલ્પ કર્યો.
- ૪ લાખ કરતાં વધુ પરિવારોએ ઘરસભા કરવાનો સંકલ્પ કર્યો.
- ૨૦૦૩માં બી. એ. પી . એસ બાળપ્રવૃતિ સુવર્ણ મહોત્સવ નિમિત્તે ૧૭,૫૦૦ બાળ–બલિકાઓ દ્વારા આદર્શ કુટુંબ અભિયાન હેઠળ ૪,૭૫,૦૦૦ ઘરોનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

: આદર્શ કુટુંબ અભિયાન૨૦૦૩ફળશ્રુતિ :

- ૨,૫૦,૦૦૦ લોકોએ માતા–પિતાને પંચાંગ પ્રણામનો નિયમ લીધો.
- ૧,૯૩,૦૦૦ લોકોએ વ્યસનમુક્ત જીવનનો નિયમ લીધો.
- ૨,૪૦,૦૦૦ લોકોએ નિત્ય ઘરસભાનો નિયમ લીધો.

વિરલ સંત વિભૂતિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે અસંખ્ય લોકોને ઉચ્ચ જીવનની રાહ ચીંધીને સશક્ત રાષ્ટ્રના નિર્માણમાં અવિસ્મરણીય યોગદાન આપ્યું છે. વસુધૈવ કુટુમ્બકમ્સમગ્ર વિશ્વને પોતાનો પરિવાર સમજનાર પ્રમુખસ્વામી મહારાજે પોતાનાં ૯૫ વર્ષના જીવનકાળ દરમિયાન સતત વિચરણ કરીને દેશ–વિદેશના અનેક પરિવારોને તૂટતાં બચાવ્યા હતા, પરિવારોને સુગ્રથિત કર્યા હતા.

પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી ઉત્સવ ઉપક્રમે સમાજના પ્રત્યેક પરિવાર સુધી પારિવારિક એકતાના સંદેશને પ્રસરાવવાનો આદેશ પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજે આપ્યો.

: સંધ્યા કાર્યક્રમ :

– ભગવાનના ધૂન અને કીર્તન સાથે સાંજે ૪:૪૫ વાગ્યે કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

- BAPS ના વિદ્વાન સંત પૂ. આદર્શજીવન સ્વામીએ પ્રમુખ ચરિતમ વિષયક અંતર્ગત પ્રમુખસ્વામી મહારાજના પારિવારિક શાંતિના અભૂતપૂર્વ કાર્યને વર્ણવ્યું હતું.

- BAPS ના વિદ્વાન સંત પૂ. નારાયણમુનિ સ્વામીએ પારિવારિક એકતાનું અમૃત પાનાર પ્રમુખસ્વામી મહારાજ વિષયક પ્રવચન દ્વારા પ્રમુખસ્વામી મહારાજે કરેલ પારિવારિક શાંતિનાં કાર્યો અને તેમણે આપેલ ઘરસભારૂપી વિશિષ્ટ પ્રદાન વિષે વક્તવ્ય આપ્યું હતું.

- BAPSના વરિષ્ઠ સંત પૂ. ડોક્ટરસ્વામીએ પ્રમુખસ્વામી મહારાજના પારિવારિક શાંતિરૂપી વિશિષ્ટ કાર્યને અંજલિ આપી.

– પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પારિવારિક શાંતિ માટે ચીંધવામાં આવેલા માર્ગે ચાલવાની સૌને શીખ આપી હતી.

આજના કાર્યક્રમમાં અનેકવિધ મહાનુભાવોએ પ્રમુખ સ્વામી મહારાજને વાક–પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

– શ્રી હર્ષભાઈ સંઘવી, ગૃહમંત્રી, ગુજરાત.
– શ્રી શંકિતસિંહભાઈ ગોહિલ, કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા અને મેમ્બર ઓફ પાર્લામેન્ટ.
– જગદ્ગુરૂ શ્રી શિવાદેશીકેન્દ્ર મહાસ્વામીજી, પ્રમુખજન શિક્ષણ સંસ્થાન (JSS), મહાવિદ્યાપીઠ.
– પૂજ્ય સ્વામી નિખિલેશ્વરાનન્દજી મહારાજ, અધ્યક્ષ, શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ.
– શ્રી અમિતભાઈ ચાવડા,ખક્ઝ ગુજરાત, પૂર્વ પ્રદેશ પ્રમુખ–કોંગ્રેસ.
– શ્રી દિલીપભાઇ જોશી, ભારતીય ફિલ્મ અને ટેલિવિઝન એક્ટર.
– શ્રી જયરાજ સી. ઠાકર, મેનેજિંગ ટ્રસ્ટી, નરસી મોનજી એજ્યુકેશન ટ્રસ્ટ.

: પ્રમુખસ્વામી મહારાજ નગરમાં ૨૯ ડિસેમ્બર, ગુરૂવારના રોજ યોજાયો નારી સશકિતકરણ કાર્યક્રમ :

આજે નારી સશકિતકરણ વિષયક કાર્યક્રમમાં GCCI, અમદાવાદના પૂર્વ ચેરપર્સન સાવિત્રી પટેલે પ્રમુખસ્વામી મહારાજના નારી સશકિતકરણના કાર્યોને બિરદાવતા કહ્યું, પ્રમુખસ્વામી મહારાજ દીર્ઘદષ્ટા હતા. જેમણે બાલિકાઓ માટે અનેકવિધ શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના દ્વારા, કાર્યકર્તાઓના માધ્યમથી ગર્ભસંસ્કાર વિષયક જાગૃતિ દ્વારા અને અનેક મહિલા પ્રવૃત્તિઓ દ્વારા યોગ્ય રીતે ઘરના સંચાલનને લગતાં કૌશલ્ય તેમજ અન્ય કળા કૌશલ્ય ખીલવી નારીઉત્કર્ષનો પાયો મજબૂત કર્યો. વર્ષોના પુરૂષાર્થથી પ્રમુખસ્વામી મહારાજે જે મૂલ્યો અને કૌશલ્યનું સિંચન કર્યું છે. તે અત્યારે પ્રમુખસ્વામી નગરમાં સેવારત મહિલા સ્વયંસેવકોમાં આપણે નિહાળી શકીએ છીએ. આ બલિકાઓ અને મહિલાઓ આવનાર સમયમાં સમાજઘડતરનું કાર્ય કરશે. જેમાં પ્રમુખસ્વામી મહારાજ નગર ચાવીરૂપ ભૂમિકા ભજવી રહ્યું છે.

મમતા એરવિંગ્સમાં ડિરેક્ટર એવા નયના પટેલે જણાવ્યું, પ્રમુખસ્વામી મહારાજે માત્ર ભારત જ નહીં, પરંતુ વિદેશમાં પણ નારી સશક્તિકરણ માટે અવિરત પ્રયાસો કર્યા. એક સશક્ત નારી તેની આસપાસના સમાજને બદલી શકવાની ક્ષમતા ધરાવે છે.

આપની આજ.....

મેષ : કાર્યક્ષેત્રમાં લાભની શક્યતા છે. આજે તમારો મૂડ સવારથી જ સારો રહેશે. જો તમે તમારી બુદ્ધિ અને કુશળતાનો તમામ ક્ષેત્રોમાં ઉપયોગ કરશો તો તમને સફળતા મળશે.

વૃષભ : આજે નોકરી, વ્યવસાય અને રાજકીય ક્ષેત્રે પ્રગતિની સ્થિતિ રહેશે. વડીલો કાર્યક્ષેત્રમાં દરેક રીતે મદદ કરશે. ખર્ચમાં ઘટાડો કરો, નહીં તો તમારે ભોગવવું પડી શકે છે.

મિથુન : આજે કોઈ કામ માટે વધારે ખર્ચા થશે. વિવાદના કારણે કાર્યસ્થળ પર તણાવ આવી શકે છે. તેથી વાણી પર નિયંત્રણ રાખવું જરૂરી છે. સંબંધો માટે પણ જવાબદાર બનો નહીં તો વસ્તુઓ ખોટી થઈ શકે છે.

કર્ક : આજનો દિવસ તમારા માટે સમૃદ્ધ છે. આજનો દિવસ તમારી તરફેણમાં છે. લાંબા સમયથી અટકેલા કામ પૂર્ણ થઈ શકે છે. વધુ પડતા કામના કારણે સ્વાસ્થ્ય પર થોડી અસર થઈ શકે છે, તેથી સ્વાસ્થ્યનું ધ્યાન રાખો.

સિંહ : આજનો દિવસ કામ સુધારવામાં વિશેષ યોગદાન આપી રહ્યો છે. નિષ્ણાતની સલાહ પછીથી તમારા માટે ઉપયોગી સાબિત થશે. પતિ-પત્ની સાથે સારો સમય પસાર કરશો.

કન્યા : મનમાં ભક્તિ ભાવનાનો વિકાસ થશે. તે તમારા હરીફો માટે માથાનો દુઃખાવો રહેશે. પરિવારમાં પણ તમારા પ્રત્યે પ્રેમ અને આદરની લાગણી વધશે. રાત્રિ દરમિયાન કોઈ શુભ કાર્યમાં સામેલ થવાની તક મળી શકે છે.

તુલા : આજે તમારો પ્રભાવ અને મહિમા વધશે. તમને ક્યાંકથી સારા સમાચાર મળશે. જોકે કાર્યક્ષેત્રમાં થોડો તણાવ હોઈ શકે છે પરંતુ તેને તમારા પર ભારે થવા ના દો. કોઈ જૂની સમસ્યા આજે ઉકેલાઈ શકે છે.

વૃશ્ચિક : આત્મવિશ્વાસ અને ક્ષમતા સાથે કોઈ મુશ્કેલ કાર્ય પણ આજે સફળતાથી પૂરું થઈ શકે છે. શિક્ષણની દ્રષ્ટિએ દિવસ શુભ રહેશે. રાજકીય-સામાજિક ક્ષેત્રે નવા સંપર્કો બનશે.

ધન : આજે રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં તણાવની સ્થિતિ રહેશે. વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મેળવવા માટે સતત મહેનતની જરૂર છે. આજે પરિવારમાં સંપત્તિને લઈને થોડો તણાવ પણ ઊભો થઈ શકે છે.

મકર : આજે દિવસના પહેલા ભાગમાં પારિવારિક જીવનમાં થોડી અશાંતિ રહેશે. તમારે હિંમત અને ધીરજથી કામ લેવું પડશે, કોઈપણ કામમાં ઉતાવળ કરવી નહીં. ક્ષેત્રમાં પ્રગતિ માટે ઘણો અવકાશ છે.

કુંભ : આજે શક્તિ અને સંપત્તિમાં વૃદ્ધિનો યોગ છે. આ સિવાય લાંબા સમયથી ચાલતી કાયદાકીય બાબતોમાં જીતવાની સંભાવના છે. કાર્યક્ષેત્રમાં તમે સફળતાની ટોચ પર પહોંચશો. સ્થાયી મિલકતના વ્યવસાયથી નફો થશે.

મીન : આજે તમને સંતાન તરફથી આનંદના સમાચાર મળશે. નવા ખર્ચાઓ આવશે. તમારી સામે ખોટો આરોપ પણ લગાવી શકાય છે. તેથી સાવધાન રહો. આજે ગુસ્સા પર વિશેષ નિયંત્રણ રાખો. વેપારમાં નફો મળવાની સંભાવના છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

દાહોદ નજીક ઈન્દોર-અમદાવાદ નેશનલ હાઈવે પર

ઝાલોદ તાલુકા પંચાયતના સભ્યની કાર અને બાઈકનો અકસ્માત : એકનું મોત, બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત

ઝાલોદ તાલુકા પંચાયતમાં સામાજિક ન્યાય સમિતિના ચેરમેનનું માર્ગ અકસ્માતમાં મોત : બાઈક સવાર કાકા ભત્રીજા ઈજાગ્રસ્ત

ખંગેલાથી બાઈક પર સુરત જઈ રહેલા કાકા ભત્રીજા ઈનોવાની અડફેટે ઈજાગ્રસ્ત : બન્નેને સારવાર અર્થે ખસેડાયા. દાહોદ તાલુકાના ખંગેલા નવા ફળિયાના રહેવાસી નવાગામ ફળિયાના બાબુ ગુલચંદ મેડા,અમુભાઈ હવજીભાઈ મેડા સહિતના કાકા ભત્રીજા બાઈક ઉપર સુરત મુકામે મજૂરી અર્થે જવા કઠલાથી નીકળ્યા હતા. તે સમયે રસ્તામાં લક્ષ્મી હોટલ પાસે પુરપાટ આવી રહેલા ઈનોવા ગાડીના ચાલક પ્રકાશ પંસેરીયાએ બંને કાકા ભત્રીજાને અડફેટમાં લીધા હતા. જેના પગલે તેઓ જમીન પર ફાંગોલાતા તેઓને દાહોદના ઝાયડસ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

દાહોદ,

દાહોદ નજીક ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર સતી તોરલ હોટલ સામે માર્ગ અકસ્માતનો બનાવ બનવા પામ્યો છે. જેમાં પૂરઝડપે આવી રહેલી ફોરવીલર ગાડીના ચાલકે બે બાઈક સવારોને અડફેટે લીધા બાદ થોડે દૂર જઈ ચાલકે કે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા ફોરવહીલ ગાડી પલટી મારતા ચાલકનું જીવલેણ ઈજાઓના લીધે ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નીપજયું છે.જયારે બાઈક સવાર ઈજાગ્રસ્ત ઈસમોને ઝાયડસ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યો હતો.

અમદાવાદ નેશનલ હાઈવે પર દિન પ્રતિદિન માર્ગ અકસ્માતના બનાવોની વણથંબી વણઝાર જોવા મળી રહી છે. વાહન ચાલકોની ગફલત તેમજ ઝડપના કારણે માર્ગ અકસ્માતના બનાવોએ માઝા મુકતા આ નેશનલ હાઈવે અકસ્માત ઝોન તરીકે પ્રસ્થાપિત થઈ રહ્યો છે. ત્યારે વીતેલા ૨૪ કલાકમાં આ નેશનલ હાઈવે પર જુદાજુદા ત્રણથી ચાર માર્ગ અકસ્માતના બનાવોની સહી હજી સુખાઈ નથી. ત્યારે વધુ એક માર્ગ અકસ્માતનો બનાવ બનવા પામતા ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પુનઃ ચર્ચામાં આવ્યો છે. ઝાલોદ તાલુકાના કારઠ તાલુકા પંચાયતના સભ્ય તેમજ ઝાલોદ તાલુકા પંચાયતમાં સામાજિક અને ન્યાય સમિતિના ચેરમેન પ્રકાશભાઈ ગૌતમભાઈ પંસરિયા પોતાના કબ્જાની Gj-05-JR-5000 નંબરની સિલ્વર કલર ની ટોયોટા ઈનોવા ગાડીને ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર પૂર ઝડપે તેમજ ગફલત રીતે હંકારી લાવી કઠલા થી બાઈક પર મજૂરી અર્થે સુરત મુકામે જઈ રહેલા નવાગામ ફળિયાના બાબુ ગુલચંદ મેડા,અમુભાઈ હવજીભાઈ મેડા સહિતના કાકા ભત્રીજાને લક્ષ્મી હોટલ નજીક અડફેટે લીધા બાદ પોતાનું વાહન બેફિકરાઈ રીતે હંકારી લઈ જઈ કાળી તળાઈ નજીક સતી તોરલ હોટલની સામે પ્રકાશ પંસેરીયાએ સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા ઈનોવા ગાડી એકાએક પલટી મારતા કારમાં સવાર પ્રકાશભાઈને જીવ લઈને જાઓ પહોંચતા તેઓના ઘટના સ્થળે જ પ્રાણ પખેરૂ ઉડી ગયા હતા.તો બીજી તરફ ઈનોવા ગાડીની અડફેટે ઈજાગ્રસ્ત થયેલા બન્ને ઈસમોને ૧૦૮ મારફતે દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, માર્ગ અકસ્માતના બનાવની જાણ વાયુવેગે દાહોદ ગ્રામ્ય પોલીસને થતા ઈન્ચાર્જ એસ પી જગદીશ બાંગરવા તેમજ દાહોદ ગ્રામ્ય પોલીસ મથકના પીએસઆઈ નયનસિંગ પરમાર તેમજ પોલીસના જવાનો તાબડ તોડ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અને પ્રકાશ પંસેરીયાની લાશનો કબજો મેળવી પીએમ માટે દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે મોકલી આપ્યા હતો. ત્યારબાદ પોલીસે અકસ્માતમાં કચ્ચરઘાણ વળી ગયેલી ઈનોવા ગાડીને ક્રેન મારફતે રસ્તા પરથી ખસેડી પોલીસ મથકે લઈ જવામાં આવી હતી. ત્યારબાદ પોલીસે મરણ જનાર પ્રકાશ પસેરીયા વિરૂદ્ધ અકસ્માત અંગેનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

વિકાસની મોટી મોટી બુલબાગો ફેંકતી સરકારના રાજમાં ડેપો પર બસોના કોઈ ઠેકાણા નથી હોતા અને તદ્દન ભંગાર હાલતમાં ચાલતી બસો

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ બસ ડેપોનો કથલેલો વ્યવહાર જેને લઈને વારંવાર બસ ડેપો થી ઉપડતી બસ તેમની મરજી મુજબ કેન્સલ કરી દેવામાં આવે છે. જેથી દરરોજ અપડાઉં કરતા વેપારી વર્ગ શાળાએ જતા વિદ્યાર્થીઓને ગમે ત્યાં બસ બગડી ઊભી થઈ જતાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

દાહોદ બસ ડેપોના ગેરેજમાં કામ કરતા વર્કર પણ મરજી મુજબ કામ કરતા હોય છે. બગડેલ બસને કમ્પ્લેટ રીપેરીંગ પણ કરતા નથી શું આ બાબતનું ધ્યાન આપનાર કોઈ નથી. ડેપો મેનેજર નવા આવ્યા બાદ હજુ તેમને કોઈ કામગીરી પર ધ્યાન આપ્યું છે કે નહિ તે પણ એક વિષય છે.

ડેપો પર બસનો રૂટ કેન્સલ કરવા માટે કાયમ કન્ડક્ટર નથી અથવા ડ્રાઈવર નથી અથવા આવશે તો જસે અથવા બસો ગમે તેવા સરકારી કાર્યક્રમ હોય ત્યાં રેગ્યુલર બસ જતી હોય છે, પાછી ગાડી બસ આવે પછી તેજ રામાયણ ચાલુ થઈ જાય છે.

અમુક રૂટ પર જતી બસ આખી ખાલી જતી હોય છે, અમુક રૂટ પર એકના પાછળ એક બસ જતી હોય છે. જે બસ ખાલી જાય અને પાછી ખાલી આવી જાય છે.

દાહોદ થી ગલીયાકોટ આંતરરાષ્ટ્રીય બસ વારંવાર બગડી જતા મુસાફરોન થતી હેરાન પરેશાન દાહોદ ડેપોની દાહોદ થી ગલીયાકોટ વાયા ઝાલોદ, ફતેપુરા, આનંદપુરી થઈને ગલીયાકોટ જતી આંતરરાષ્ટ્રીય બસ વારંવાર બગડી જવાથી મુસાફરોને હેરાન પરેશાનો સામનો કરવો પડે છે. દાહોદ થી સવારે સાત વાગે ઉપડીને ગલીયાકોટ જતી બસ આજ રોજ સવારના દાહોદ બ્રિજ પર બ્રિજ પર એસટી બસ ચડતા ગેર ફસાઈ જતા દાહોદ બીજના ઢાળ પર ઉભી રહી જતા મુસાફરોના જીવ પડીકે બંધાયા હતા. ડ્રાઈવર દાહોદ એસટી ડેપો પર જઈ ને મેકેનિકને બોલાવીને ગેર રીપેરીંગ કામ કરાવી એસટી બસ ગલીયાકોટ જવા માટે રવાના થઈ હતી. આંતરરાષ્ટ્રીય ચાલતી આ બસ સારી કન્ડિશનમાં આપવામાં આવે તેવી આ વિસ્તારના મુસાફરોની લાગણી અને માંગણી.

ગંદકી બારેમાસ : સંજેલી રાજમહેલ રોડ પર ગટરના ગંદા પાણી નદીની જેમ વહેતા થયા પંચાયત તંત્રની બેદરકારી સામે આવી

તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

- રાહદારીઓ અને સ્કૂલે જતા બાળકોને પારાવાર મુશ્કેલી વેઠવાનો વારો પડ્યો.
- સ્કૂલે જતા બાળકો ગંદકીમાંથી પ્રસાર થવા મજબૂર બન્યા તંત્રની બેદરકારી સામે આવી.
- સંજેલીમાં દુર્ગંધ મારતા ગટરના ગંદા પાણીઓ રોડ પર વહેતા થયા.

સંજેલી,

સંજેલી ખાતે આવેલ રાજમહેલ રોડ પર ગટરના ગંદા પાણીઓ નદીઓની જેમ વહેતા થતા રાહદારીઓ તેમજ સ્કૂલે જતા બાળકોને ભારે હાડમારી વેઠવાનો વારો પડ્યો હતો. પ્રાથમિક સુવિધાઓના અભાવને લઈ નિયમિત ગટરોની સાફ સફાઈના અભાવના કારણે રાજમહેલ રોડ પર ગટરનું પાણી રોડ પર વહેવા લાગ્યું હતું. જેને લઈ ચારેકોર ગંદા પાણીએ માઝા મૂકી હતી. નજીકમાં પ્રાથમિક શાળા આવેલી છે, શાળા જતા વિદ્યાર્થીઓ આંગણવાડીમાં જતા નાના ભૂલકાઓને ગટરના ગંદા પાણી માંથી પ્રસાર થવાનો વારો પડ્યો હતો. વેપારીઓ તથા વાહન ચાલકો સ્થાનિકો રહીશો ભારેમાસ ગંદકીના કારણે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

દુર્ગંધ મારતા ગટરના ગંદા પાણી રોડ પર વહેતા સોસીયલ મીડિયામાં પણ ફોટાઓ વાયરલ કરી સ્થાનિકોએ રોષ પ્રગટ કર્યો હતો. સંજેલી વહીવટી તંત્ર દ્વારા આંખ આડા કાન જેને લઈ ગ્રામજનોએ ભારે રોષ પ્રગટ કર્યો હતો.

અંધેર નગરી ગંડુ રાજા જેવો ઘાટ સર્જાયો હતો સ્વચ્છતા અભિયાનના ઘજીયા ઉડી રહ્યા છે. વારંવાર રજૂઆતો કરવા છતાં પણ જવાબદાર તંત્ર દ્વારા આંખ આડા કાન કરી રહ્યા છે. જેને કારણે ગ્રામજનોએ ગંદકીનો સામનો કરવો પડી રહ્યો છે. સંજેલી નગરના લોકો ગંદકીના કારણે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વારંવાર ગ્રામસભામાં રજૂઆતો છતાં પરિણામ શૂન્ય જોવા મળી રહ્યું છે. સંજેલી પંચાયતની બેદરકારીના કારણે રોડ પર ગંદા પાણીઓ નદીઓની જેમ વહેતા થયા હતા ગટરોની નિયમીત સાફ સફાઈના અભાવના કારણે અવાર નવાર ગટરો ઉભરાઈ જવાના કારણે ગટરના ગંદા પાણીઓ રોડ પર વહેતા હોઈ છે. ગ્રામજનોની માંગ છે કે, ગટરોની નિયમિત સાફ સફાઈ કરવામાં આવે.

દે.બારીયા નગર પાલિકાનું આવું છે 'સ્વચ્છ ભારત મિશન કાર્યક્રમ' પાંચ દિવસે પણ જાહેર કચરાના ઢગ સાફ કરાયા નથી

તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

હાલમાં આખી નગર પાલિકાની તમામ વિભાગોની ટીમ દબાણ હટાવવા કાર્યમાં મશગુલ છે. સ્વચ્છતાનું ભાન ભુલાવી નાખ્યું હોય તેમ લાગી રહ્યું છે. દે.બારીયા શહેર દશકો પહેલા પંચમહાલનું પેરીસ તરીકે વખણાતું હતું પણ આજના સમયે સ્વચ્છતામાં પાછળ છે. દૈનિક રૂટીંગ પ્રમાણે કોઈપણ વિસ્તારના જાહેર ઉકરડા, ડમ્પીંગ કેન્દ્ર ઉપર લઈ જવામાં આવતા નથી. તેમજ ડોર ટુ ડોર કલેકશનમાં પણ હાલમાં બેદરકારી દાખવવામાં આવે છે. બે ટ્રેકટરો ડોર ટુ ડોરમાં કાર્ય કરતા હતા. તેમાં એક ટ્રેકટરને ડોર ટુ ડોરના કાર્યમાં મુકવામાં જોવા મળે છે. નાનું વાહન પણ બંધ કરાતા ડોર ટુ ડોર કચરા કલેકશનમાં વિલંબ થાય છે. જેથી આમ, જનતા જયાં ત્યાં કચરો નાખવા મજબુર છે.

દે.બારીયાની સબ જેલની પાસેનો જાહેર ઉકરડો ત્યાં કન્ટેનર ના હોવાથી કચરો વધારે ભરાઈ જતાં દુર્ગંધથી બાળકોના સ્વાસ્થ્ય પર તેની ગંભીર અસર થવાની ભીંતી સેવાઈ રહે છે. તેમજ આમ, જનતાને નાકે દમ આવ્યો છે. જેથી આ સબજેલ પાસેનો જાહેર ઉકરડા ઉપર કન્ટેનર મુકવામાં આવે તો અબોલા પશુઓના ખોરાકમાં પ્લાસ્ટીક રૂપી ઝહેર જશે તો મુંગા પશુઓના જીવ જોખમમાં આવશે તે કોણ વિચાર શે ખરાં...?

ઝાલોદ ઠુંઠીકંકાસીયા રોડ પર માઁ દશામાં સ્કૂલની બાજુના નાળા માંથી એક અજાણ્યા વ્યક્તિની લાશ મળી આવી

તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ ઠુંઠીકંકાસીયા રોડ પર માઁ દશામાં સ્કૂલની પાસેના રોડની નીચેથી જતાં નાળા માંથી એક અજાણ્યા યુવકની લાશ મળી આવી છે. અજાણ્યા યુવકની લાશ કેટલાય દિવસથી પડી હતી તે કોઈને ખબર નથી.

ઝાલોદ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા યુવકની લાશ મળ્યાના સમાચાર મળતાં પી.એસ.આઈ રાઠોડ સહિતનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયેલ હતો. પોલીસ દ્વારા તાત્કાલિક લાશની તપાસ કરતા તેના ખિસ્સા માંથી આધાર કાર્ડ અને પર્સ મળી આવ્યું હતું. પર્સની અંદર એક ફોટો પણ હતો. જે તે યુવકનો છે કે કોનો તે તપાસ પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે. લાશ ખૂબ જ ગંધાતી હોવાથી મૃતક ઘણા દિવસો થી નાળામાં પડેલો હોવાનો અંદાજ લોકો લગાવી રહ્યા છે. આધાર કાર્ડના આધારે લાશને ઓળખવાના ચક્રો પોલીસ દ્વારા તેજ કરી દેવામાં આવ્યા છે અને તેની સાચી દિશામાં તપાસ કરવાની કાર્યવાહી પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે.

ગરબાડા તાલુકા કુમાર શાળામાં બનેલી ઘટનાને લઈને તંત્ર એકશનમાં

તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડા તાલુકાની કુમાર શાળાની બહાર આવેલ મેદાનમાં તારીખ ૨૮ ડિસેમ્બરના રોજ બપોરના સમયે ધોરણ એકનું બાળક રમતું રમતું ગટરના દૂષિત પાણીના ખાડામાં પડી ગઈ હતું. જે બાળકને આઠમા ધોરણમાં અભ્યાસ કરતા બાળકો દ્વારા ખાડા માંથી બહાર કાઢવામાં આવ્યું હતું. ઘટના બાદ ખાનગી માલિકીની જગ્યા હોવા છતાં શાળાના આચાર્ય નરવતભાઈ ડામોર દ્વારા ફરીવાર આવી ઘટના ન બને તે માટે શાળાની આગળ પડેલા ખાડાને તાત્કાલિક પુરવા માટે સરપંચ તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી તથા એસએમસી અધ્યક્ષને આ બાબતની રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતના પગલે ગ્રામ પંચાયતના સરપંચ અશોકભાઈ દ્વારા આવી ઘટના બીજીવાર ન બને તે માટે તત્કાલી જેસીબી બોલાવીને ખાડાને પુરવામાં આવ્યા હતા.

ઝાલોદ વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ તેમજ ભગવા ગ્રૂપ આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

ઝાલોદ,

ઝાલોદ નગરમાં બજરંગ દળ, વિશ્વ હિન્દુ પરિષદ તેમજ ભગવા ગ્રૂપ દ્વારા નગર પાલિકાના લાલ મેદાન ખાતે પ્લાસ્ટિક બોલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું. બિસ્માર હાલતમાં પડેલ લાલ મેદાનની સાફ સફાઈ આયોજકો દ્વારા કરાવવામાં આવી અને ક્રિકેટ રમવા માટે ગ્રાઉંડ ચોકખું કરવામાં આવ્યું હતું. આખા ગ્રાઉન્ડ ભગવા ઝંડા વચ્ચે લહેરાતું ખૂબ જ સુંદર લાગતું હતું.

ભગવા ગ્રૂપ તરફથી યોજાયેલ પ્લાસ્ટિક બોલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં પહેલા દિવસે મુખ્ય મહેમાન તરીકે, ડી.વાય.એસ.પી પટેલ અને પી.એસ.આઈ રાઠવા હાજર રહ્યા હતા. આમંત્રિત સહુ મહેમાનોનું સ્વાગત ભગવા ગ્રુપના આયોજકો દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્લાસ્ટિક બોલ ક્રિકેટ ટુર્નામેન્ટની શરૂઆત કરતા પહેલા બસી બોય ડાંસ સ્ટુડિયોના સ્ટુડન્ટ દ્વારા ભારત કા બચ્ચા બચ્ચા બોલે જય શ્રી રામ તે ગીત પર ડાન્સ કરી હાજર રહેલ સહુ લોકોનું મન જીતી લીધું હતું. ઉપસ્થિત મહેમાનો દ્વારા બાળકોને રોકડ ઈનામ આપી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. બાળકો દ્વારા કરેલ ડાન્સ બાદ જય શ્રીરામનાં નારાથી આખું લાલ મેદાન ગુંજી ઉઠ્યું હતું.

લાલ મેદાન ખાતે પોલીસ સ્ટાફ અને વણઝારા ઈલેવન વચ્ચે ડી.વાય.એસ.પી પટેલ દ્વારા ટોસ ઉછાળવામાં આવ્યો. જેમાં પોલીસ સ્ટાફે ટોસ જીતી ફિલ્ડીંગ લીધી હતી. ત્યાર બાદ ડી.વાય.એસ.પી દ્વારા ગ્રાઉંડ પર ક્રિકેટ રમી મેચનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

વણઝારા ઈલેવન દ્વારા પહેલી બેટિંગ લઈ દસ ઓવરમાં ૭૨/૮ વિકેટ પર પૂરો થયો હતો. જવાબમાં પોલીસ ઈલેવન દ્વારા ૬ ઓવરમાં ૭૩/૪ કરવામાં આવતા પોલીસ સ્ટાફ ટીમ વિજેતા થઈ હતી.

ભગવા ગૃપ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સતત કોમન્ટ્રી રાજેશ પંચાલ દ્વારા કરવામાં આવી હતી અને અમ્પાયર તરીકે મનીષ પંચાલ અને વિજય પરમાર દ્વારા સેવા આપવામાં આવી હતી. આખી મેચમાં દર્શકો દ્વારા સુંદર સહકાર આપી માહોલ ક્રિકેટમય કરી દીધું હતું.

તારીખ ૨૯ ડિસેમ્બરના રોજ ગરબાડા તાલુકાના સીચારામ ગૃપના ગરબાડા તથા ગાંગરડીના ૧૧૧ જેટલા રામ ભકતો બાવન ગજાની ધજા લઈને પગપાળા સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરે જવા માટે રવાના થયા હતા. નગરમાં નીકળેલી તેમની પગપાળા યાત્રાનું ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

લીમખેડા એડીશનલ સેશન્સ એન્ડ સ્પેશ્યલ કોર્ટ પોસ્કો અને અપહરણના ગુનામાં આરોપીને ૨૦ વર્ષની સજા ફટકારી

દાહોદ,

દાહોદ જીલ્લાની લીમખેડા તાલુકાની એડીશનલ સેશન્સ એન્ડ સ્પેશ્યલ કોર્ટ દ્વારા આજે ફરી મહત્વપુર્ણ ચુકાદો આપતા દાહોદ જિલ્લા સહિત લીમખેડા પંથક્માં ચક્ચાર મચી જવા પામી છે. જેમાં એક પોસ્કો તેમજ અપહરણના આરોપીને ૨૦ વર્ષની કેદની સજા તેમજ રૂપિયા ૫૦ હજારનો દંડ ફટકારતા કોર્ટ આલમમાં ચકચાર મચી જવા પામી હતી. છેલ્લા કેટલાંક સમયથી લીમખેડા કોર્ટ દ્વારા એક પછી એક ઐતિહાસીક ચુકાદા આપવામાં આવી રહ્યા છે ત્યારે ફરી એકવાર આજરોજ લીમખેડાની કોર્ટ દ્વારા ચુકાદો આવતા ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો છે. જેમાં ૨૦૧૯ની સાલમાં સીંગવડ તાલુકામાં રહેતી એક સગીરાનું અપહરણ કરી તેણીની મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. આ મામલાનો કેસ પોલીસ મથકે નોંધાયા બાદ લીમખેડાની એડી.સેશન્સ એન્ડ સ્પેશ્યલ કોર્ટમાં ચાલી જતા આજ રોજ આ કેસનો ચુકાદો આવ્યો હતો. જેમા આરોપી સંજયભાઈ જોતીભાઈ બારીયા(રહે.હાંડી, બારીયા ફળીયુ, તાલુકો, સીંગવડ જીલ્લો-દાહોદ)નાને ૨૦ વર્ષની કેદની સજા તેમજ ૫૦ હજારના દંડનો હુકમ કરવામાં આવ્યો હતો. તેમજ પીડીતાને વળતર પેટે નિર્ધારીત રકમ ચુકવવા પણ કોર્ટ દ્વારા હુકમ કરવામાં આવ્યો હતો. જ્યારે ઉપરોક્ત આરોપી જો દંડની રકમ નહી ભરે તો વધુ ૧૨ માસની સજા ફરમાવવાનો હુકમ પણ કોર્ટ દ્વારા કરવામાં આવ્યો હતો.

દે.બારીઆના કોળીનાપુવાડા ગામે છકડો પલ્ટી જતા એક યુવકનું મોત : પાંચ ઘાયલ

દે.બારીઆ,

દે.બારીઆના કોળીના પુવાડા ગામે છક્કો પલ્ટી ખાતા સસરાની મરણ વિધિમાં જતા યુવકનુ મોત નીપજયું હતુ. જયારે ચારથી પાંચ લોકો ઘાયલ થયા હતા. છકડો પલ્ટી ખવડાવી નાસી ગયેલા ચાલક વિરુદ્ધ દે.બારીઆ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવા પામી હતી. દે.બારીઆના સંચાગલીની સામે રાણીવાવ ફળિયામાં રહેતા કોકીલાબેન ધર્મેશભાઈ મોહનીયાના પિતાનુ મરણ થતાં તેઓ તેમના પતિ ધર્મેશભાઈ ચંદ્રસિંહ મોહનીયા અને ફોઈની છોકરી ઉર્મીલાબેન મડીયાભાઈ પરમાર સાથે મરણવિધિમરાં જવા માટે જીજે-૧૭-વીવી-૩૧૮૭ નંબરના છકડો ભાડે કરી તેમાં બેસી નાના પુવાળા ગામે માસીના ઘરે ગયા હતા. અને ત્યાંથી માસા રઘુનંદનભાઈ શુકલસિંહ ભાભોર તથા લલીતાબેન રઘુનંદનસિંહ ભાભોરને છકડામાં બેસાડી કોળીના પુવાડાથી હિન્દૌરીયા ગામે જવા માટે નીકળ્યા હતા તે દરમિયાન થોડે આગળ જતા ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ જતા છકડો રોડની સામે પલ્ટી ખવડાવી દીધો હતો. જેમાં છકડામાં સવાર બધા ફંગોળાઈ ગયા હતા. અને કોળીના પુવાડા ગામના કાંતાબેન ભરતભાઈ ભાભોર તથા સુમીત્રાબેન બાબુભાઈ ભાભોર રોડ ઉપર ઉભા હોઈ તેઓ પણ અડફેટમાં આવી જતા ઘાયલ થતાં ચાલક ત્યાંથી નાસી ગયો હતો. છકડામાં સવાર રઘુનંદનસિંહ શુકલભાઈ ભાભોર, લલીતાબેન રઘુનંદનસિંહ ભાભોર, કાંતાબેન ભરતભાઈ ભાભોર, તથા સુમીત્રાબેન બાબુભાઈ ભાભોર, ઉર્મીલાબેન મડીયાભાઈ પરમારને ઈજાઓ પહોંચી હતી. તેમજ ધર્મેશભાઈ ચંદ્રસિંહ મોહનીયાને માથામાં તેમજ મોઢાના ભાગે અને પગમાં ગંભીર ઈજાઓ થતાં મોત નીપજયું હતુ. ઈજાગ્રસ્ત તમામને સારવાર માટે ખસેડાયા હતા. અને કોકીલાબેન મોહનીયાએ છકડો પલ્ટી ખવડાવી ફરાર ચાલક વિરુદ્ધ દે.બારીઆ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.110

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

ગોધરા પાલિકા દ્વારા ૫૦ હજાર ઉપરાંતના

વેરાની રકમ માટે ચાર ટીમો બનાવી વેરા વસુલાત હાથ ધરી : ૬.૧૧ લાખની વસુલાત કરી

પાલિકાના નિવૃત્ત કર્મચારીઓ પેન્શન નહિ ચુકવતા ધરણાં કરતાં પાલિકા તંત્ર સફાળું જાગ્યું

ગોધરા પાલિકા વિસ્તારના વેરાની વસુલાત માટે બનાવેલ ચાર ટીમો દ્વારા ૫૦,૦૦૦/- રૂપીયાના ઉપરાંત વેરાની રકમ બાકી હોય તેવા મિલ્કત ધારકો પાસેથી વેરા વસુલાત હાથ ધરવામાં આવી છે. જેમાં ૩૫ મિલ્કતોમાં સ્કુલો અને સરકારી મિલ્કતોના વેરા બાકી છે. પાલિકાની ૧૬ કરોડ ૧૫ લાખ ૨૫,૩૯૫/- રૂપીયાનો વેરો રેકર્ડ ઉપર બાકી બોલી રહ્યો છે. તેમાંથી અડધી રકમ પણ વસુલાત કરવા માટે પાલિકા તંત્ર ધ્યાન આપે તો પાલિકાની આર્થિક સ્થિતીમાં તબક્કાવાર સુધારો આવી શકે છે.

ગોધરા,

ગોધરા નગર પાલિકા દ્વારા વેરા વસુલાત માટે પાલિકા દ્વારા સ્પેશીયલ સ્કોર્ડ બનાવવામાં આવી છે અને ચાર ટીમો વિવિધ વિસ્તારમાં જેની ૫૦,૦૦૦/- રૂપીયાથી વધુ વેરાની રકમ બાકી હોય વેરાની વસુલાત હાથ ધરવામાં આવી. જેમાં હાલ ૬,૧૧,૫૬૮/-રૂપીયા રીકવરી કરવામાં આવી છે.

ગોધરા નગર પાલિકાના નિવૃત્ત પેન્શનરોને છેલ્લા ચાર મહિનાથી પેન્શનની રકમ ચુકવવામાં આવી ન હોય આ બાબતે પેન્શનરો પાલિકામાં રજુઆત કરવા છતાં પેન્શનનું ચુકવણું કરવામાં બહાના બાજી કરતા હોય ત્યારે નિવૃત્તિ બાદ માત્ર પેન્શન ઉપર જીવન નિર્વાહ કરતા કર્મચારીઓ દ્વારા આખરે પાલિકા સામે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનનો માર્ગ અપનાવીને ૨૮ ડિસેમ્બરના રોજ પાલિકા કચેરી બહાર પ્રતિક ધરણાં શરૂ કર્યા હતા. ત્યારે પાલિકા તંત્ર સફાળું જાગ્યું હતું અને પાલિકા વિસ્તારની મિલ્કતોના બાકી પડતા વેરાની વસુલાત કરવાનું બીડું ઝડપ્યું હતું અને પાલિકા દ્વારા સ્પેશીયલ સ્કોર્ડ બનાવવામાં આવી હતી. જેમાં ચાર ટીમો દ્વારા વિવિધ વોર્ડ વિસ્તારમાં ૫૦,૦૦૦/રૂપીયા ઉપરાંતના વેરાની રકમ બાકી હોય



તેવા લોકો પાસેથી ડોર ટુ ડોર વસુલાત હાથ ધરવામાં આવી છે. પાલિકા વિસ્તારના ૧૧ વોર્ડમાં ૧૬,૧૫,૨૫,૩૯૫/-રૂપીયા જેટલા વેરાની રકમ બાકી બોલે છે. જેને લઈ પાલિકાની ચાર ટીમો દ્વારા બાકી મિલ્કત વેરાની ઉઘરાણી શરૂ કરવામાં આવી છે. હાલ ગોધરા પાલિકાની આર્થિક સ્થિતી કફોડી છે. તેની સામે પાલિકા વિસ્તારનો ૧૬ કરોડ ઉપરાંતના વેરાની રકમ બાકી બોલી રહી છે. તેમાં ગોધરા પાલિકાના કાઉન્સીલરો માંથી મોટાભાગના કાઉન્સીલરોના વેરાની રકમ ચોપડે બાકી છે. તેમાં પણ સરકારી ઓફિસો તેમજ સ્કુલોના લાખો રૂપીયાના વેરા બાકી બોલે છે. તેવા વેરાની વસુલાત માટે પાલિકા તંત્ર પાંગળું સાબિત થઈ રહ્યું છે. જેને કારણે પાલિકાની આર્થિક સ્થિતીમાં સુધારો આવી રહ્યો નથી. જ્યારે પાલિકાના નિવૃત કર્મચારીઓને ચાર માસથી પેન્શનની રકમ નહિ ચુકવી શકતા પેન્શનરો પ્રતિધ ધરણાં ઉપર ઉતરતા પાલિકા તંત્ર બાકી મિલ્કત વેરાની વસુલાત હાથ ધરવામાં આવી છે. પાલિકાની વેરા વસુલાતની ચાર ટીમો દ્વારા મિલ્કતવેરાના પાછલા બાકી વેરા માંથી ૫,૧૧,૪૭૬/-રૂપીયા રોકડ જ્યારે ચાલુ વર્ષ વેરા વસુલાત માંથી ૧,૦૦૦,૦૯૨/-રૂપીયા મળી કુલ ૬,૧૧,૫૬૮/-રૂપીયાની વસુલાત હાથ ધરવામાં આવી છે.

ગોધરા તાલુકાના બોડીદ્રા બુઝર્ગ અર્થક્ષેત્રે મંડળીના બે સેક્રેટરી દ્વારા મંડળીના નાણાંની ઉચાપત કર્યાની ફરિયાદ નોંધાઈ

ગોધરા,

ગોધરા તાલુકાના બોડીદ્રા બુઝર્ગ ગામે ધી બોડીદ્રા અર્થક્ષેત્ર સેવા સહકારી મંડળીના સેક્રેકટરીએ ૨૦૧૬ થી ૨૦૧૯ દરમિયાન ૩૪,૦૩,૭૬૩/- લાખ રૂપીયા અને અન્ય આરોપીએ ૩,૧૫,૦૮૭/-રૂ પીયાની ઉચાપત કર્યાની ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના બોડીદ્રા બુઝર્ગ ગામે આવેલ ધી બોડીદ્રા અર્થક્ષેત્ર સેવા સહકારી મંડળીમાં ૨૦૧૬ થી ૨૦૧૯ દરમિયાન ઉદેસિંહ રણજીતસિંહ બારીયા સેક્રેટરી તરીકે વહીવટ સંભાળતા તે દરમિયાન તેઓ ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ બેંક તરફથી મંડળી મારફતે ખેડુતોને પાક ધિરાણ પેટે આપવામાં આવેલ તેની વસુલાતના નાણાં સરકારી રસ્તા અનાજની દુકાનના વકરાના નાણાં તેમજ ખાતર, સિમેન્ટ વકરાની તથા રોજંદી આવક મળી રૂ.૩૪,૦૩,૭૬૩/-રૂપીયા પોતાના અંગત ખર્ચમાં વાપરી નાખી ઉચાપત કરેલ જ્યારે હસમુખભાઈ રજનસિંહ બારીયા જે ૨૦૧૯ થી ૨૪/૦૯/૨૦૨૨ સુધી મંડળીમાં સેક્રેટરી તરીકે વહીવટ સંભાળતા હોય તેમના દ્વારા ખેડુતોને પાક ધિરાણ આપવામાં આવેલ વસુલાતના નાણાં સરકારી સસ્તા અનાજ દુકાનના વકરાની રકમ રૂ.૩,૧૫,૦૮૭/-ની હંગામી ઉચાપત કરી ભરપાઈ કરી ગુન્હો કર્યાની ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકે નોંધાવા પામી છે.

૩૧ ડિસેમ્બરને લઈ પંચમહાલ જીલ્લા પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થાને લઈ ફાર્મ હાઉસ, હોટલો અને ગેસ્ટ હાઉસ ચેકીંગ કરશે

ગોધરા,

૩૧ ડિસેમ્બરને લઈ પંચમહાલ સહિત ગોધરામાં ઉજવણી માટે ફાર્મ હાઉસ, હોટલો, ગેસ્ટ હાઉસમાં થતી વિદેશી દારૂની મહેફીલો કરતા હોય જેને લઈ જીલ્લા પોલીસ દ્વારા હાઈવે રોડ ચોકડી અને ચાર રસ્તાઓ ઉપર પોઈન્ટો મૂકીને તકેદારીના પગલાં ભરવામાં આવ્યા.

જીલ્લાને જોડતા માર્ગ ઉપર નાકાબંધી ગોઠવવામાં આવી

પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં ૩૧ ડિસેમ્બરની ઉજવણીઓ માટે ફાર્મ હાઉસ, હોટલો અને ગેસ્ટ હાઉસોમાં પાર્ટીઓ યોજાતી હોય છે અને નવા વર્ષના આગમનને લઈ વિદેશી દારૂની મહેફિલો થતી હોય છે. જેને લઈ કાયદો અને વ્યવસ્થા ખોરવાય તેવા બનાવો બનતા હોય છે. જેને લઈ આવી સ્થિતીને પહોંચી વળવા માટે પંચમહાલ જીલ્લા પોલીસ અને એલ.સી.બી., એસ.ઓ.જી. પોલીસ દ્વારા જીલ્લાના હદ વિસ્તાર, ૬૧ પાટીયા, સંતરોડ ચાર રસ્તા, કાંટુ ચોકડી, કાલીયાવાવ ચેક પોસ્ટ સહિત અલગ અલગ જગ્યાઓ ઉપર પોલીસના નાકાબંધી પોઈન્ટો ઉભા કરવામાં આવ્યા છે. સાથે વાહન ચેકીંગ હાથ ધરી દારૂની હેરાફેરી કરતાં અસામાજીક ઈસમો ઉપર વોચ ગોઠવવામાં આવી છે.

ગોધરા શહેરના અલી મસ્જીદ પાસે આવેલ ગ્રીન ઝોન વાળી જમીનમાં ગેરકાયદેસર નિયમો નેવે મૂકી પ્લોટનું વેચાણ શરૂ

ગોધરા,

ગોધરા કસ્બાના શહેર સીટીના વોર્ડ ગોધરા બિનખેતી-૧ વાળી જમી જેનો રે.સ.નં.૩૩૬/૨ પૈકી-૨/ પૈકી-૧ વાળી જમીનો ગોધરા શહેર ગ્રીન ઝોનની આવેલી હતી અને તે જમીનો કોઈપણ ગ્રીન ઝોન હોય તે જમીનો ખેતી હેટે આપી શકાય પરંતુ આવી જમીનો સરકાર તથા પંચમહાલ શરતોના આધારે હુકમો કરતા હોય છે. જે જમીનો ઉપર પંચમહાલ જીલ્લા કલેકટર દ્વારા આપેલ આદેશોની અવગણના કરી આ જમીનો ઉપર જોગવાઈઓ નેવે મૂકી તેમજ નગર નિયોજકના નિયમો વિરૂદ્ધ પોતાની મરજી મુજબ નકશો તૈયાર કરી કરાવી પ્લોટ નં. ૧ થી ૨૦ પાડી તેમજ ખોટા કાયદા વિરૂદ્ધના નકશા બનાવી વેચાણ કરવાની પેરવી કરી રહ્યા છે. આ સર્વે નંબર વાળી જમીનો, પ્લોટો ગોધરા શહેર નગર પાલિકા સમક્ષ તમામ પુરાવા આપવા અને સ્થળ નિરીક્ષણ કરવા જે સરકારના આજ્ઞાનુસાર કેટલા પુરાવા આપવા પડે છે. જે સારી રીતે જાણતા હોય છે અને આવી જમીનો જે ગ્રીન ઝોન વાળી મિલ્કતો કોઈ પણ ગેરકાયદેસર વેચાણ કરવાની સત્તા ના હોવા છતાં પંચમહાલ કલેકટર ના આપેલ હુકમ શરતોનું સરેઆમ ભંગ કરેલ છે. કોઈપણ એન.એ.નો હુકમ થાય તે શરતોના અધિનિયમ અંગેની બાંધકામ કરવાનું થાય છે પરંતુ આ જમીનો ઉપર રોડ, રસ્તાઓ છોડવામાં આવેલ નથી. આમ, આ ગ્રીન ઝોનની જમીનો ઉપર ગેરકાયદેસર પ્લોટીંગ તથા વેચાણ વ્યવહારો થયાની જાણમાં આવેલ છે. નગર પાલિકા શહેર ગોધરા સમક્ષ બાંધકામની પરમીશનો લેવામાં આવેલ નથી. જેથી આવી ગેરકાયદેસર બાંધકામ તોળવાની શહેર નગર પાલિકાની ફરજ બને છે. તેમજ જીલ્લા કલેકટરની આજ્ઞાઅનુસાર આપેલ આદેશોનો ભંગ કરતાં શરત ભંગ બાબતે કાર્યવાહી કરવાની જીલ્લા કલેકટરની ફરજ બનતી હોય તત્કાલીક શરત ભંગ અંગેની કાર્યવાહી થાય તથા કરેલ ગેરરીતિઓ સામે યોગ્ય પગલા ભરાય તેવી રજુઆતો કરવામાં આવેલ છે.

શહેરાના ધાયકા ચોકડી પાસે ફોર વ્હીલ ચાલક બાઈકને અડફેટ લઈ બાઈક ચાલકને ઈજાઓ પહોંચાડતા સારવાર દરમિયાન મોત

શહેરા,

શહેરા તાલુકાના ધાયકા ચોકડી પાસેથી પસાર થતી ફોર વ્હીલના ચાલકે બાઈકને અડફેટમાં લઈ બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચાડતા દવા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના ધાયકા ચોકડી પાસેથી પસાર થતી ફોર વ્હીલ ગાડી નંબર જીજે.૧૭.બીએ.૬૬૬૬ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવીને બાઈક નંબર જીજે.૧૭.બી.૭૮૨૬ને ટકકર મારી ચાલક ભુરાભાઈ સ્વરૂપભાઈ પટેલીયા ઉ.વ.૨૫ને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડતા ગોધરા સિવિલમાં દવા સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાંથી વધુ સારવાર માટે વડોદરા એસ.એસ.જી.માં ખસેડતા દવા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

શહેરાના બીલીથા ગામની ૨૬ વર્ષીય યુવતિએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

શહેરા,

શહેરા તાલુકા બીલીથા ગામે ૨૬ વર્ષીય યુવતિએ કોઈ કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી મરણ જતાં ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના બીલીથા ગામે રહેતી શીતલબેન કાંતીભાઈ માછી ઉ.વ.૨૬ એ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી જીવન ટુંકાવી લીધું હતું. આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

નેહરૂ યુવા કેન્દ્ર ગોધરા દ્વારા શ્રી મહાજન ઈંગ્લીશ સ્કૂલ(નદીસર) ખાતે વિવિધ રમતોત્સવ યોજ્યો

ગોધરા,

ભારત સરકારના યુવા કાર્ય અને ખેલ કુદ મંત્રાલય અંતર્ગત નહેરૂ યુવા કેન્દ્ર ગોધરા દ્વારા શ્રી મહાજન ઈંગ્લીશ સ્કૂલ (નદીસર) ગોધરામાં ખેલકૂદ રમતોત્સવ આયોજન કર્યું હતું. તેમાં દોડ, ગોળાફેક, ઉચીકુદ, કબડ્ડી, વોલીબોલ જેવી વિવિધ રમતોની સ્પર્ધા ભાગ આ વિસ્તારના યુવા ભાઈઓ-બહેનોને લીધો હતો. આ સ્પર્ધા મુખ્ય હેતુ ગામડાઓ રહેલી યુવાધન શકિત બહાર લાવવા માટે તેમજ રમતો પ્રત્યે વધુ આકર્ષણ બની રહે મજબૂત બને ખડતલ સાહસિક, ભાઈચારો અને ખેલદિલી ભાવના મજબૂત બને તેમજ તેમનાં રહેલી શકિત બહાર આવે અને વિવિધ ટીમો સાથે હરીફાઈ થઈ તેમાં નરેશ રાવલ, સ્મિત પટેલ, ચૌહાણ દેવેન્દ્ર, અજય પરમાર, દ્વારા સફળ મેચરેફરી કરવામાં આવ્યું હતું. સમગ્ર સ્પર્ધા વિજેતા ટીમોને શાળાના આચાર્ય તેમજ જિલ્લા યુવા અધિકારી વિઠ્ઠલભાઈ ચોરમલે વરદ્ધ હસ્તે વિવિધ રમતોમાં વિજેતાઓને પ્રમાણપત્રો ટ્રોફી એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ જીવનમાં વધુ સફળતા પ્રાપ્ત થાય સૌને હાર્દીક અભિનંદન સાથે ધન્યવાદ પાઠવ્યા હતા.

પંચમહાલ જીલ્લામાં કોંગ્રેસ પાર્ટી દ્વારા ભારત જોડો અને હાથ સે હાથ જોડો યાત્રા શરૂ કરશે

ગોધરા,

પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના આદેશ અનુસાર આગામી સમયમાં પંચમહાલ જિલ્લામાં અને તાલુકાઓમાં ભારત જોડો યાત્રા અને હાથ સે હાથ જોડો યાત્રા ટુંક સમયની અંદર શરૂ થશે જે અંગે પંચમહાલ જિલ્લા કોંગ્રેસ દ્વારા આજ રોજ કાર્યાલય ખાતે મીટિંગ ની આયોજન કરવામાં આવ્યું હતું.

આગામી જાન્યુઆરી ૨૦૨૩ થી પંચમહાલ જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારોમાં શરૂ થનાર અને કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધી પ્રેરિત ભારત જોડો યાત્રા અંતર્ગત હાથ સે હાથ જોડો જન સંપર્ક કાર્યક્રમના સુચારૂ અમલ અંગે અને પૂર્વ આયોજનની મીટિંગ ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના પૂર્વ નેતા સુખરામભાઈ રાઠવા, પૂર્વ સાંસદ ડો. પ્રભાબેન તાવિયાડની ઉપસ્થિતિમાં પંચમહાલ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અજીતસિંહ ભાટીના અધ્યક્ષ સ્થાને ગોધરા ખાતે પંચમહાલ કોંગ્રેસ સમિતિના કાર્યાલયે તમામ તાલુકા અને શહેર કોંગ્રેસના પ્રમુખો, સેલ, સંગઠન, ઓર્ગેનાઈઝેશનનાં આગેવાનો જિલ્લા તાલુકા કોંગ્રેસના આગેવાનો, વિધાનસભાની ચુંટણી લડેલા ઉમેદવારોની ઉપસ્થિતિમાં યોજાયું હતું. જેમાં ભારત જોડો યાત્રા અનુસંધાનમાં જિલ્લામાં યોજાનાર વિવિધ કાર્યક્રમો અંગે ચર્ચા વિચારણા થઈ હતી.

ગોધરાના મુસ્લિમ સમાજના અનસભાઈ અંધીને ગુજરાત પ્રદેશ કોંગ્રેસમાં મહામંત્રી તરીકે નિમણૂંક કરી

ગોધરા,

સમગ્ર પંચમહાલ જિલ્લાના મુસ્લિમ સમાજના યુવા અગ્રણી તથા ગોધરા મત વિસ્તારનાની આન-બાન-શાન યુવા દિલોની ધડકન નિસ્વાર્થ સેવાભાવી કોમના હમદર્દ દરેક સમાજને સાથે લઈને ચાલનાર યુવા નેતા અનસભાઈ અંધીને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિમાં મહામંત્રી તરીકે નિમણૂંક કરવા બદલ ખુબ ખુબ અભિનંદન શુભકામનાઓ શુભેચ્છા.

ગુજરાત વિધાનસભા ૨૦૨૨ ની ચુંટણી પછી કોંગ્રેસ પાર્ટી ધીરેધીરે સંગઠનમાં બદલાવ કરતું હોવાનું દેખાય રહ્યું સંગઠનના બદલાવ સાથે શિક્ષિત યુવાનોને પ્રાધન્ય આપી રહ્યા હોવાનુ સમજાય છે.

પંચમહાલ જીલ્લાના મુસ્લિમ યુવા આગેવાન અને ગળથૂથીમાં કોંગ્રેસ લઈ રાજકીય મેદાનમાં આવેલા અનસ ફારૂક અંધીને ગુજરાત રાજ્ય કોંગ્રેસના મહામંત્રી જેવા જવાબદાર હોદ્દાથી નવાજતા સમગ્ર જીલ્લાના લઘુમતિ સમુદાય સહિત કોંગ્રેસી કાર્યકરોમાં નવો જોશ અને ઉન્માદ ઉભરાયો છે. આ બાબતે નવનિયુકત થયેલા કોંગ્રેસના મહામંત્રી અનસ ફારૂક અંધી સાથે વાત કરતા તેઓએ જણાવ્યું છે. જીલ્લામાં કોંગ્રેસ કાર્યરત છે, પરંતુ તેને વધુ ફાયર ફાઈટરની ગતિએ લાવવા અથાગ મહેનત કરીશું અને સમય આવ્યે સડક થી સંસદ સુધીનો આવાજ બુલંદ કરીશું લોક હિતાર્થના પ્રશ્નો માટે અગ્રેસર રહી કોંગ્રેસને ખરા અર્થમાં જનસેલાબથી ભરવા પ્રયાસ કરીશું.

ગોધરા શહેરના વાવડી બુઝર્ગ વિસ્તારમાં આવેલ મહેંદી બંગલો પાર્ટી પ્લોટ ખાતે ધારાસભ્ય સી કે રાઉલજીનો અભિવાદન સમારોહ યોજાયો

ગોધરા,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પંચમહાલ જિલ્લાની તમામ પાંચ વિધાનસભા બેઠકો પર ભાજપનો ભગવો લહેરાયો હતો. ૧૨૬ ગોધરા વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર સી.કે. રાઉલજીનો સતત બીજી ટર્મમાં વિજય થયો હતો. ત્યારે આજરોજ ગોધરા શહેરના વાવડી બુઝર્ગ વિસ્તારમાં આવેલ મહેંદી બંગલો પાર્ટીપ્લોટ ખાતે ધારાસભ્ય સી.કે. રાઉલજીનો અભિવાદન સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ભાજપના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ અભિવાદન સમારોહમાં ધારાસભ્ય સી.કે.રાઉલજી દ્વારા વિધાનસભાની ચૂંટણીમાં રાતદિવસ એક કરનાર પાયાના

કાર્યકરોનું ધારાસભ્યના હસ્તે વિશેષ સન્માન કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિધાનસભા બેઠક વિસ્તારમાં ગ્રામ પંચાયતમાં નોંધપાત્ર કામગીરી કરનાર સરપંચો અને કાર્યકરોનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડ, જિલ્લા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

શહેરા પોલીસે પશુ સંરક્ષણ અધિનિયમના ગુન્હામાં નાસતા ફરતા ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા

શહેરા,

પંચમહાલ જિલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ શહેરા પોલીસે નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટેની કાર્યવાહી હાથધરી હતી. ત્યારે શહેરા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર કે.પી.ખરાડીને બાતમી મળી હતી કે, શહેરા તેમજ મોરવા હડફ પોલીસ મથકના પશુ સંરક્ષણ અધિનિયમના ગુન્હામાં નાસતો ફરતો આરોપી મેહબૂબ ઉર્ફે ભોલો શેખ ગોધરા થી શહેરા તરફ આવનાર છે. જે બાતમીના આધારે પોલીસે તેને ઝોઝ પાટિયા નજીક આવેલ રેડ એપલ હોટલ પાસેથી ઝડપી પાડયો હતો. જ્યારે શહેરા પોલીસ મથકના જ પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળના ગુન્હામાં નાસતો ફરતો આરોપી નસરૂલ્લા શેખ અને મુસ્તકીમ શેખ શહેરા સિંધી બજારમાં ફરે છે. તેવી બાતમીના આધારે શહેરા પોલીસની ટીમે તેમણે પણ ઝડપી પાડયા હતા. આમ, શહેરા પોલીસે ત્રણેય આરોપીઓને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
એ. જે. પટેલ
તરફથી અભીનંદન....
મુ. કંટેલી,
તા. હાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ગુરૂકૃપા સ્વ. સહાય જુથ
તરફથી અભીનંદન....
મુ. ચેલાવાડા,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ